# આધ્યાત્મિક કેડી

તંત્રી : સંપાદક : કૈલાસબહેન એન. પરીખ



॥ પરમ તેજદાત્રી મા ગાયત્રી ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥

વર્ષ ૭ ] એપ્રિલ ૧૯૯૮ [ અંક ૨

# શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

## અમદાવાદ—૧૬

[ રજી. નં. ૩૩૬૧ ]

ગાયત્રી ઉપાસક પૂજ્ય શ્રી શાસ્ત્રીજીએ ( નરેન્દ્રભાઈ બી. દવે ) માર્ચ ૧૯૭૫થી મા ગાયત્રીના આદેશથી લોકસેવાનો અભિગમ સ્વીકાર્યો છે. આધિ–વ્યાધિ–ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને વ્યક્તિગત મુલાકાત આપી તેમના પ્રશ્નો સુલઝાવવાનો પ્રયત્ન તેઓ વિના મૂલ્યે કરી રહ્યા છે. અસાધ્ય બિમારીથી વ્યથિત વ્યક્તિઓને પૂજ્યશ્રી મા ગાયત્રીના આદેશ અને માર્ગદર્શન અનુસાર શક્તિપ્રદાનની સારવાર આપી રોગમુક્ત કરવાનો પ્રયાસ કરે છે. અભિમંત્રિત જીવનજળ માનવીનું જીવન બનાવે છે અને જીવન બચાવે છે.

ભારતમાં અને વિદેશોમાં પૂજ્યશ્રીની સેવાનો લાભ વિશાળ જનસમુદાયે લીધો છે અને લઈ રહ્યા છે. યંત્રયુગમાં જીવતાં માનવીને આધ્યાત્મિક શરણનો સીધો, સરળ રાહ બતાવી માનસિક શાંતિનો અનુભવ કરાવે છે.

પૂજ્યશ્રીના આ અનોખા અને વિરલ કાર્યયજ્ઞનો લાભ કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સમ્પ્રદાયના વિશાળ જનસમુદાયને મળી શકે તેવા શુભ આશયથી પૂજ્યશ્રીની પ્રેરણા અને મા ગાયત્રીની કૃપાથી **શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ**ની સ્થાપના કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

**આ ટ્રસ્ટના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે :**

(૧) ગરીબ તથા જરૂરવાળા માણસોને દરેક પ્રકારે મદદ કરવી.

(૨) કોઈ પણ પ્રકારના શિક્ષણના ક્ષેત્રમાં મદદ કરવી.

(૩) આધ્યાત્મિક સારવાર–કેન્દ્ર સ્થાપી અસાધ્ય બિમારીમાંથી લોકોને રાહત અપાવવી.

(૪) કુદરતી આફતમાં સપડાયેલાઓને સહાયરૂપ થવું.

(૫) વિશ્વબંધુત્વની ભાવના કેળવી માનવજાતને દરેક વિષમ પરિસ્થિતિમાં સહાયરૂપ થવું.

અમારા આ નમ્ર પ્રયાસને આપ વધાવી લેશો અને વેગવંતો બનાવશો તેવી નમ્ર વિનંતી.

આભાર સહ.

કે. એન. પરીખ
મેનેજિંગ ટ્રસ્ટી
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

સરનામું :
કે. એન. પરીખ
મેટ્રનનો બંગલો, સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ,
અસારવા, અમદાવાદ–૧૬. (ગુજરાત) (ઇન્ડિયા)
ફોન : ૩૭૯૦૯૭


# આધ્યાત્મિક કેડી

વર્ષ ૭] • એપ્રિલ : ૧૯૮૮ • [ અંક ૧ લો

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. સંકલ્પથી સાક્ષાત્કાર સુધી | શાસ્ત્રીજી | ... | ૩ |
| ૨. ભક્તિ | ... | ... | ૭ |
| ૩. જ્ઞાનગોષ્ઠિ | ... | ... | ૧૨ |
| ૪. પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં... | ... | ... | ૧૯ |
| ૫. શ્રદ્ધાનો વિજય | જગદીશ પરમાર | ... | ૨૧ |
| ૬. મંગળાષ્ટક | શ્રી સતીષ ભટ્ટ | ... | ૨૭ |
| ૭. અમેરિકાનો કાર્યયજ્ઞ | ... | ... | ૨૮ |
| ૮. સમાચાર | ... | ... | ૩૦ |


આપનું સન ૧૯૮૮ ના વર્ષનું 'આધ્યાત્મિક કેડી'નું લવાજમ રીન્યુ કરાવી લેવા વિનંતિ. પાંચ વર્ષનું એકસામટું લવાજમ સ્વીકારવામાં આવે છે.




આ ત્રૈમાસિક અંક
જાન્યુઆરી,
એપ્રિલ,
જુલાઈ
અને
ઑક્ટોબર
માસમાં
પ્રગટ થશે.

વાર્ષિક લવાજમ
રૂપિયા દસ

પ્રકાશક :
શ્રી કૈલાસબહેન એન. પરીખ
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
મેટ્રન ક્વાર્ટર્સ,
ન્યુ સિવિલ હૉસ્પિટલ કમ્પાઉન્ડ,
અસારવા,
અમદાવાદ – ૩૮૦ ૦૧૬

મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય
રાયખડ,
અમદાવાદ – ૩૮૦ ૦૦૧



આધ્યાત્મિક કેડી

એપ્રિલ : ૧૯૮૮

□

# સંકલ્પથી સાક્ષાત્કાર સુધી

**શાસ્ત્રીજી**

**જીવનની** ચોક્કસ કેડી કંડારવા માટે, કશાની પણ પ્રાપ્તિ માટે, જીવનધ્યેયની સિદ્ધિ અર્થે અથવા તો જીવનના લક્ષ્યને પામવા માટે પ્રબળ પુરુષાર્થ અને અનુકૂળ પ્રારબ્ધ હોવાં તો જરૂરી છે જ, પરન્તુ પ્રારબ્ધ તો કાળક્રમે નિર્માણ થાય છે, એ એક લાંબી-જન્મજન્માન્તરની પ્રક્રિયા છે. તે કર્મના સિદ્ધાંતની ચર્ચામાં, પ્રારબ્ધ અને પુરુષાર્થની મહત્તા અંગે આપણે વિશદતા પ્રાપ્ત કરી લીધી છે, પરન્તુ પુરુષાર્થના સહયોગમાં હું એક નવો મુદ્દો અત્રે ચર્ચવા માગું છું. માનવી કોઈ પણ બાબતમાં પુરુષાર્થ કરે પણ તેને પોતાનાં જ પુરુષાર્થમાં વિશ્વાસ ન હોય, શ્રદ્ધા ન હોય ને એથી યે વિશેષ પોતાના લક્ષ્યની પરિપૂર્તિ અર્થે તેનામાં દૃઢ સંકલ્પ ન હોય તો તે પુરુષાર્થ જાણે નિષ્પ્રાણ-અચેતન બની જાય છે. પુરુષાર્થમાં પ્રેમ ને લગની ભળે ત્યારે અંતરમાંથી-અસ્તિત્વમાંથી એક પ્રકારનો દૃઢ નિરધાર આપોઆપ પ્રકટી ઊઠે છે, જેના દ્વારા માનવી પોતાના લક્ષ્યને-ધ્યેયને સિદ્ધ કરી શકે છે, પ્રાપ્ત કરી શકે છે. જીવનને સરળ અને સફળ બનાવવા દૃઢ નિરધાર અર્થાત્ સંકલ્પ જરૂરી છે. આ સંકલ્પ શું છે તેને સમજવાનો-સમજાવવાનો અત્રે ઉપક્રમ સ્વીકાર્યો છે.

જીવનમાં આપણે જાતજાતના મનસુબા ઘડીએ છીએ, કલ્પના કરીએ છીએ, વિચારો કરીએ છીએ, કંઈક ને કંઈક નાનું-મોટું ધ્યેય-સિદ્ધિ પ્રાપ્ત કરવાની મહેચ્છા દાખવીએ છીએ પણ એટલા માત્રથી જ મનુષ્યને કંઈ મનોવાંછિત પ્રાપ્ત થઈ જતું નથી. પોતાની મહેચ્છા, મહત્ત્વાકાંક્ષા – લક્ષ્ય-ધ્યેયને સિદ્ધ કરવા માનવીએ અસ્તિત્વમાં જબરદસ્ત સંકલ્પનું બળ જન્માવવું પડે છે. આપણા વિચારો-કલ્પનાઓ પાછળ દૃઢ મનોબળ-આત્મબળ નથી હોતું. પોતાના વિચારમાં મહત્ત્વાકાંક્ષામાં-મહેચ્છામાં-માનવીના પુરુષાર્થમાં જ્યારે આત્મબળ ભળે છે ત્યારે તે સંકલ્પ બને છે. આત્મબળથી રસાયેલ માનવીની મહેચ્છા-મહત્ત્વાકાંક્ષા-પુરુષાર્થ સંકલ્પ બની સિદ્ધિને પામે છે.

સવારે પથારીમાંથી ઊઠતા રાત્રે પથારીમાં સૂતાં સુધી, જીવનની કારકિર્દીને ઉજ્જવળ બનાવવા, જીવનના આરંભથી તે અંતપર્યન્તની લાંબી મજલમાં માનવીનો સંકલ્પ જ તેને જીતાડે છે.

અહીં માનસશાસ્ત્રનો નિયમ ચરિતાર્થ થતો જોઈ શકાય છે. મનુષ્યના વિચારોની અસર તેના શરીર, મન, વ્યક્તિત્વ અને સમસ્ત અસ્તિત્વ પર પડે છે. તેના આંતર વ્યાપારોનાં સ્પંદનો આસપાસના સમસ્ત વાતાવરણમાં ફેલાય છે. તદનુસાર પોતાના વિચારોને, મહત્ત્વાકાંક્ષા-મહેચ્છાઓને દૃઢ સંકલ્પના

સ્પંદનોનો સંસ્પર્શ થાય તો જે તે પાત્ર, પદાર્થ કે પરિસ્થિતિ તેને અનુકૂળ થઈ જાય છે અથવા તો તેનો અનુકૂળ ઉકેલ આવે છે.

અહીં સૌ પ્રથમ યાદ રહે કે મનુષ્યના સન્માર્ગગામી, રચનાત્મક અભિગમ પરત્વેનો સંકલ્પ હોવો વિશેષ જરૂરી બની રહે છે. પોતાની જાતને કે અન્યને હાનિકર્તા બાબત અંગેનો સંકલ્પ એ સંકલ્પ નથી, એવો સંકલ્પ ઉચિત પણ નથી, એવો સંકલ્પ કરવો પણ ન જોઈએ.

માનવીનો દૃઢ સંકલ્પ તેના સમવિષમ પ્રત્યેક સંજોગોમાં ઉપકાર ને માર્ગદર્શક સુદ્ધાં નીવડે છે. કેટલીક વાર જીવનની વિષમતાઓ મનુષ્યને અનીતિને માર્ગે પણ લઈ જાય છે, પરન્તુ ગમે તેવી કપરી પરિસ્થિતિમાં માનવી નીતિ ને પ્રમાણિકતાને વળગી રહેવાનો દૃઢ સંકલ્પ કરે તો તેના અંધકારમય જીવનમાં એક દિવસ સુખનો સૂરજ અવશ્ય ઊગી નીકળે છે. નીતિ ને પ્રમાણિકતાનો સંકલ્પ માનવીના વ્યક્તિત્વમાં એક પ્રકારનો ઉજાસ લાવે છે. ખુમારીથી જીવન જીવવાનું બળ, આનન્દ, સન્તોષ મળે છે. એ જીવનની મજા કંઈક ઓર જ હોય છે.

અહીં વધુ સ્પષ્ટતા કરું તો દૃઢ સંકલ્પમાં વિચારોની, અભિગમની ચોકસાઈ, તેની યથાર્થતા પણ અનિવાર્ય ને આવશ્યક છે. માનવીની સીધી લીટીની ગતિ વિશેષ અભિપ્રેત બની રહે છે. એમાં વિચારોની, મનની સ્થિતિની અસ્થિરતા ઉચિત નથી. દૃઢ સંકલ્પ – દૃઢ નિરધારમાં તેને ચરિતાર્થ કરવાની, તેના સુધી પહોંચવાની સમ્પૂર્ણ તત્પરતા, તૈયારી ને ખુમારી હોવી પણ જરૂરી છે. અર્થાત્ અડગ મનોબળ અને અન્ય કોઈ વિકલ્પનો વિચાર સુદ્ધાં ન આવે ત્યારે, તે સંકલ્પની, પૂર્વભૂમિકા બની રહે છે. વિકલ્પની સમ્પૂર્ણ અનુપસ્થિતિ જ સંકલ્પને–નિરધારને દૃઢ બનાવી અંતિમ લક્ષ્ય સુધી પહોંચાડવા શક્તિમાન બને છે.

સંકલ્પ સિદ્ધિનો જનક છે, પરન્તુ માત્ર સિદ્ધિ કે સફળતા આપવામાં જ સંકલ્પની ઇતિશ્રી નથી. સન્માર્ગના–સચ્ચાઈના–નીતિના–પ્રમાણિકતા સંકલ્પો માનવીને ઉદાર, ઉદતિ ને ઉદાત્ત પણ બનાવે છે. સાચા અર્થમાં માનવી બનાવે છે. માનવી સાચો માનવ બનવાનો–માનવતાને આત્મસાત્ કરવાનો સંકલ્પ કેળવે તો પણ પૂરતું છે.

પણ વાત આટલેથી જ અટકતી નથી. આ તો ભૌતિક સ્તરના સંકલ્પોની વાત થઈ. હવે આપણે આધ્યાત્મિકતા–ઈશ્વરપ્રાપ્તિની બાબતમાં સંકલ્પનો વિચાર કરીએ.

મનુષ્યજીવનની સાચી ઉપલબ્ધિ–ફલશ્રુતિ તો પરમતત્ત્વનો પરિચય પામવાની, આત્મદર્શન ને ઈશ્વરની પ્રાપ્તિમાં રહેલી છે. પરન્તુ સંકલ્પ માત્રથી જ કંઈ પરમતત્ત્વનો પરિચય કે તેની પ્રાપ્તિ થઈ જતી નથી. એ માટે નિયમિત ને સતત ઉપાસન જરૂરી છે, તે તમે સૌ જાણો છો તેથી તેની વધુ વિગતમાં અહીં ઊતરતો નથી. પણ એ સતત ને નિયમિત ઉપાસના માટે પણ જો સંકલ્પ કરવામાં આવે તો તેનું સાતત્ય ને નિયમિતતા જળવાઈ રહે છે.

અગોચર ને અદૃષ્ટ એવું પરમતત્ત્વ સાથે જ છે એમ માની, તેને સાક્ષીરૂપે રાખી, તેની ઉપસ્થિતિને જોઈ–જાણી–વિચારી તેના પ્રીતિપાત્ર બનવા જીવનનો અભિગમ કેળવવાનો દૃઢ સંકલ્પ ઈશ્વર તરફ મનુષ્ય ચેતનાને ગતિ કરાવે છે. આ ગતિની સાથે જ તેનામાં શ્રદ્ધા ને શરણાગતિનો સંચાર પામી તે દૃઢ થવા પ્રયાસ આદરે છે. શ્રદ્ધા ને શરણાગતિને દૃઢ બનાવ્યા પછી નિયમિત ને નિરંતર ઉપાસના જરૂરી છે. ઉપાસનાનો ક્રમ ખૂબ સરળ હોવા છતાં પણ દુષ્કર વિશેષ છે નિયમિતતા ને સાતત્ય જાળવવાના સંદર્ભમાં. સમયના વહી જતા પ્રવાહને, જીવનનાં કરતૂતોને, કાળની ગતિને, જીવનની સદ્‌ગતિનો, ઈશ્વરનો ડર રાખી, તેની સૂક્ષ્મ સર્વવ્યાપકતાને પ્રત્યક્ષ નિહાળવાનો, સાક્ષીરૂપે જોવાનો, કાળની

એક જ ઝપાટે જીવનના અસ્ત થવાનો વિચાર આવશે કે સાથે જ એમ લાગે છે કે જીવન બહુ જ અલ્પ છે. કરેલાં કર્મો તો ભોગવવાનાં જ છે. જીવનમાં ઈશ્વરે પગલેપગલે સહાય ને શક્તિ આપી છે. સર્વ કાળે, સર્વ સ્થળે મારું–અમારું રક્ષણ કર્યું જ છે, તેની કૃપા તો અવિરત–અપાર વરસી રહી છે, તેણે ઘણું બધું આપ્યું છે ને આપતો જ રહે છે, એના બદલામાં મેં ઈશ્વર માટે શું કર્યું ? હું એક પામર મનુષ્ય પરમતત્ત્વની એ અનન્ત શક્તિ માટે શું કરી શકું તેમ છું ? હું એને મારી બાથમાં સમાવી શકીશ ? તેવો પ્રયત્ન પણ કરી શકીશ ? પ્રયત્ન કરીશ તો સમ્પૂર્ણપણે હું એ શક્તિને બાથ ભરી શકીશ અર્થાત્ તેને પામી શકીશ ? આવા વિચારો કરવાથી, જાતને આવા પ્રશ્નો પૂછવાથી સમજાશે કે પામર જીવ પરમતત્ત્વ માટે તો કશું જ કરી શકે તેમ નથી. પરમતત્ત્વ માટે કરવા જેવું કોઈ કાર્ય હોય તો તે એક માત્ર તેની અવિરત ઉપાસના–અનરાધાર આરાધના – આ ભાવ થવાની સાથે જ વ્યક્તિ પરમતત્ત્વને અભિમુખ બની તેની નિરંતર ઉપાસના કરવાનો દૃઢ નિરધાર આપોઆપ કરી લે છે. તેનામાં ઉપાસના કરવાનું આત્મબળ જાગે છે પણ વાત આટલેથી જ અટકતી નથી. આ સાથે જ તમે મને એકસામટા સવાલો પણ પૂછવાના છો કે અમે ઉપાસના કરવા દૃઢ નિરધાર કર્યો જ છે પણ બ્રાહ્મમુહૂર્તમાં ઉપાસનાનો ક્રમ જાળવી શકાતો નથી. લયબદ્ધ રીતે માળા થતી નથી, અંદરથી ચિત્ત ઘણી વાર ખાલીખમ્મ બની જાય છે, મન એકાગ્ર થતું નથી. એક યા બીજી રીતે સાંસારિક પળોજણો એવી આવીને ઊભી રહે છે કે ઇચ્છા–અનિચ્છાએ પણ ઉપાસનાના ક્રમને વિક્ષિપ્ત કરવો પડે છે ને અમારો સંકલ્પ તૂટી જાય છે. મન વિકલ્પ ને વિતર્કમાં અટવાવા લાગે છે. અમારી ઈશ્વરાભિમુખતા પર જ પ્રહાર થતો હોય તેમ લાગે છે. શું કરવું ? સંજોગો જ એવા નિર્માણ થાય છે કે અમારો દૃઢ સંકલ્પ ડગી જાય છે, પછી શું કરીએ ?

જુઓ, સંસાર માંડીને બેઠાં છીએ એટલે સાંસારિક પળોજણોનો સ્વીકાર તો સ્વાભાવિકપણે જ કરવો રહ્યો. એમાંથી પાર ઊતરવું જ રહ્યું. સાંસારિક જવાબદારીઓ અદા કરવાની પણ આપણી જવાબદારી છે. મેં પહેલેથી જ કહ્યું છે કે સાંસારિક પળોજણમાંથી બને એટલું મનને વાળી લઈ માતાજીમાં એકાગ્ર કરવું, શરણાગતિને દૃઢ કરવા મથવું એ જ સાચી ઉપાસના છે. ઉપાસનાનું વિધાન છે–વિધિ છે એમ હું માનું છું.

હવે વાત રહી બ્રાહ્મમુહૂર્તના ક્રમની ને ચિત્તની એકાગ્રતાની. આ અંગે હું અગાઉ સ્પષ્ટતા કરી જ ગયો છું એટલે તેની વધુ ચર્ચામાં અહીં નહિ ઊતરીએ. પણ બ્રાહ્મમુહૂર્તમાં ઉપાસના ચાલુ રાખવા કે ચિત્તની એકાગ્રતા માટે પણ પોતાના ઇષ્ટ માટે પ્રેમ, લગની, દૃઢ મનોબળ, ઉપાસનાનો ક્રમ ચાલુ રાખવાનો આંતરિક મનનો સંકલ્પ, રાત્રે પથારીમાં પડતા બ્રાહ્મમુહૂર્તમાં ઊઠવાનો સંકલ્પ અર્થાત્ એ અંગેના જ વિચારો, માળા કરતા વેળા પોતે પોતાની જાતથી અળગા રહી એક પ્રતીતિનો એહસાસ પોતાની જાતને કરાવવાનો છે. સમસ્ત મન, ચિત્ત, પ્રાણ અસ્તિત્વમાં માતાજી માટે–ઇષ્ટ માટે પ્રબળ આવેગ–ભાવ ઉદ્ભવવા રહ્યો છે એવો એહસાસ, એ અંગેના વિચારો, એ પ્રબળ આવેગ ને ભાવ, મનમાં અટવાતા અન્ય વિચારોને હડસેલી દે છે ને તેની જગાએ ચિત્તમાં–અસ્તિત્વમાં ઇષ્ટ માટે પ્રેમ ને આવેગને ભરી દે છે. ચિત્તમાં અટવાતા વિચારોને હડસેલવાનો, મનને ઇષ્ટમ -જપમાં એકાગ્ર કરવાનો માનસિક સંકલ્પ જરૂર એકાગ્રતાનો અનુભવ કરાવી રહે છે. એકાગ્રતાનીએ અનુભૂતિમાં આંતર મન સ્વાભાવિકપણે જ જપના લયને પામી શકે છે. લયબદ્ધ જપ – એ દ્વારા ઉત્તરોત્તર અવિરત બનતી ઉપાસના ઇષ્ટ સાથે આત્માનુસંધાન પણ સાધી આપવા સમર્થ બની શકે છે ને એ રીતે મનુષ્યનો સંકલ્પ તેને સાક્ષાત્કાર સુધી દોરી લઈ જઈ શકે છે. આપણે સાક્ષાત્કાર સુધી પહોંચી શકીશું કે નહિ, તે આપણે

જાણતા નથી. એ ઈશ્વરના હાથની વાત છે. પણ સંકલ્પના બળને, દઢ નિરધારને, મનોબળને આત્મસાત્ કરવાનો પ્રયાસ તો આદરી શકીશું જ એમ મને લાગે છે. આપણે એ પ્રયાસને સઘન બનાવીએ.

આદિથી અંત સુધીના જીવનકાળમાં ભૌતિક ને આધ્યાત્મિક બન્ને રીતે અનેકવિધ મુશ્કેલીઓ તો ખરી જ, પણ પ્રલોભનો પણ આવે છે પણ માનવીનો સંકલ્પ જ તેને પ્રલોભનોથી વેગળો રાખી શકે છે. અગાઉ કહ્યું તેમ સન્માર્ગનો સંકલ્પ માનવીને ક્યારેય પ્રલોભનોમાં ફસાવી શકશે નહિ. પ્રલોભનોથી બચવા, આંતર શત્રુઓના આક્રમણથી બચવા પણ સંકલ્પ જરૂરી છે જ.

ઉપાસનાના ક્રમનાં સાતત્યને નિરંતરતાને હાથવગાં કરી લીધા પછી પણ શુદ્ધ-સાત્ત્વિક ઉપાસનાના અનેકવિધ અનુભવો તેને વિકલ્પોમાં વિચરવાની પ્રેરણા સહજપણે જ આપી શકે છે. ઉપાસનાના અનેકવિધ અનુભવો ઉપાસકના ભૌતિક તેમ જ આધ્યાત્મિક જીવન ઉપર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઘણી જ અસરો જન્માવે છે, શ્રદ્ધા ને શરણાગતિ પર પ્રહાર પણ કરી શકે છે. પરન્તુ કટોકટીની એ તમામ પળોમાં પળભર માટે પણ મન–ચિત્ત હૃદય–અંતર–બુદ્ધિ–પ્રાણ સમસ્ત અસ્તિત્વ વિકલ્પ ને વિતર્કનો વિચાર સુદ્ધાં ન કરી શકે ત્યારે માનવીના સન્માર્ગના સંકલ્પો, ઈશ્વરપ્રાપ્તિના સંકલ્પો તેને સાક્ષાત્કારનો અધિકારી બનાવી શકે છે. માનવીનો–ઉપાસકનો દઢ સંકલ્પ વિકલ્પ–વિતર્કની સમ્પૂર્ણ ગેરહાજરીમાં જ ચરિતાર્થ થઈ શકે છે. વિકલ્પના વાવાઝોડામાંથી સંકલ્પની સહિતાને પાર કર્યા પછી તે નિર્વિકલ્પ અવસ્થાના સામા કિનારે પહોંચી જાય છે. માનવીની ઉપાસકની આ નિર્વિકલ્પ અવસ્થા સાક્ષાત્કારની અવસ્થા તો છે જ, પરમતત્ત્વનું, ઇષ્ટનું પ્રત્યક્ષ-સાક્ષાત્ દર્શન તો છે જ. પરમતત્ત્વની ભવ્યતા–દિવ્યતા, તેનું પ્રખર તેજ, તેનો ઝળહળાટ પણ ઉપાસકને આંજી નથી દેતા, તેની ચેતનાને સમાધિમાં ઢાળી નથી દેતા, તેની સાનભાન ગુમાવી દેતા નથી. ઉપાસક સમ્પૂર્ણ સ્વસ્થ ને સભાન અવસ્થામાં પ્રત્યક્ષ–સાક્ષાત્ આવેલા પરમતત્ત્વના સ્વરૂપનું દર્શન કરી શકે છે, માણી શકે છે, તેની સાથે સહજ ભાવે વાર્તાલાપ પણ કરી શકે છે એટલું જ નહિ, પોતાનાં તમામ કાર્યો માટે માર્ગદર્શન પણ મેળવી શકે છે. ઉપાસક પરમતત્ત્વના સાક્ષાત્ સ્વરૂપના પ્રગટીકરણને જોઈ શકે પણ છે તેમ જ, તેને અંતર્ધાન થતાં પણ અનુભવી શકે છે.

સંકલ્પ એ ઈશ્વરપ્રાપ્તિની મનોપ્રક્રિયા ચૈતસિક અવસ્થાના વિકાસની પ્રક્રિયા છે, એમાં કંઈક પ્રાપ્તિની અપેક્ષા છે, પરન્તુ નિર્વિકલ્પ અવસ્થામાં સાક્ષાત્કારની પણ અપેક્ષા નથી રહેતી કારણ ઈશ્વર સ્વયં તેની સાથે જ છે તે, તે જાણે છે–જુએ છે.

જીવનના સાફલ્યનું આ ઉત્તુંગ શિખર છે. આ શિખરે પહોંચ્યા પછી માનવીની–ઉપાસકની જવાબદારી વધી જાય છે. તેણે વિશેષ સજાગ ને સાવધ રહેવાનું છે. આ ઉત્તુંગ શિખર પરથી ક્યાંય તેનું પતન ન થાય. આ ઉત્તુંગ શિખર પર સ્થિર થઈને જીવનવ્યવહાર ચલાવવા, નિરંતર ને સતત ઉપાસનાને પૂર્વવત નિભાવવાની છે–Maintain કરવાની છે. તેની આ વિશેષ જવાબદારી બની રહે છે. આ શિખરે પહોંચ્યા પછી તેણે અકર્મણ્યતામાં બેસી રહેવાનું નથી. નિરસ ને આળસુ બની જવાનું નથી. આ શિખરે પહોંચીને તેણે પોતાનું કલ્યાણ સાધી લીધું છે, પરના કલ્યાણ માટે, જનહિતાર્થે તેણે કટિબંધ થવાનું છે. તેણે પરહિતાર્થે કરેલા સંકલ્પો તેની નિર્વિકલ્પ અવસ્થાને, તેના સાક્ષાત્કારને સઘન બનાવી દે છે.

માનવજીવનના સ્વાભાવિક વ્યવહારોમાં ઉદ્ભવતા નિતનવીન નાના–મોટા સંકલ્પો આત્મબળની પાર્શ્વભૂમાં તેને સ્વથી પરમ ચૈતન્ય સુધી–આત્મદર્શન કે આત્મસાક્ષાત્કાર સુધી પહોંચાડે છે તેની ગતિવિધિનો આલેખ મેં અહીં તમને સમજાવ્યો છે. સંકલ્પ દ્વારા સાક્ષાત્કાર તરફ આપણે સૌ આજથી જ ગતિ આરંભીએ.

☐

# ભક્તિ

પ્રભુની પ્રાપ્તિ માટે કર્મ, જ્ઞાન, ભક્તિ અને યોગ એમ વિવિધ માર્ગોને સૂચવવામાં આવ્યા છે. આપણા વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત, ભાગવત, ગીતા વગેરે ગ્રંથોમાં આ અંગે વિવિધ રીતે વિશદ પ્રતિપાદન ને છણાવટ કરવામાં આવ્યાં છે. એમાંથી માનવીએ સાર ગ્રહણ કરી, તેનો અમલ કરી ઉપાસનાને અભિમુખ બની આગળ વધવાનું છે.

જો કે જ્ઞાન, કર્મ, ભક્તિ ને યોગ એ એકમેકના પૂરક છે. એકને અનુસરવા જતાં બીજું આપોઆપ આવી મળે છે. એટલે એના જુદા ચોકા ન પાડી શકાય. તેમ છતાં ભક્તિને સર્વશ્રેષ્ઠ ગણવામાં આવી છે. અનેક સન્તપુરુષોએ પ્રભુપ્રાપ્તિ માટે ભક્તિને પ્રાધાન્ય આપ્યું છે.

ત્યારે ભક્તિ એટલે શું તે સર્વપ્રથમ જાણી લેવાની જરૂર છે.

ભક્તિ એટલે જે ઉપાસનામાં પ્રેમ, લાગણી ને હૃદયના ભાવો મુખ્યત્વે ભાગ ભજવતા હોય તે પ્રેમપ્રધાન, ભાવસભર ઉપાસનાને ભક્તિ કહેવાય. કોઈપણ પ્રકારના બાહ્યાડંબર, પળોજણ કે વિધિવિધાન વિના હૃદય સતત ઈશ્વર પ્રતિ દ્રવ્યા કરતું હોય, તેનામાં લીન બની રહ્યા કરતું હોય તે જ સાચી ભક્તિ.

શ્રીમદ્ ભગવદ્‌ગીતાના અગિયારમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને વિશ્વરૂપ દર્શન કરાવી અંતે ભગવાન સ્વયં કહે છે :

> નાહં વેદૈર્ન તપસા ન દાનેન ન ચેજયયા ।
> શકય એવંવિધો દ્રષ્ટું દ્રષ્ટવાનસિ માં યથા ॥ (૧૧–૫૩)

જે પ્રકારે તેં મને જોયો છે તે રીતે હું વેદોથી, તપથી, દાનથી કે યજ્ઞથી જોવાને શકય નથી.

> ભકત્યા ત્વનન્યયા શકય અહમેવંવિધોઽર્જુના ।
> જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પરંતપ ॥ (૧૧–૫૪)

કેવળ અનન્ય ભક્તિથી જ હે અર્જુન! હે પરંતપ! આ પ્રમાણે મારું જ્ઞાન થવુ, મને જોવો અને મારામાં તત્ત્વથી પ્રવેશ કરવો એ શકય છે.

વિશ્વરૂપ દર્શન એટલે ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કરાવેલો સ્વયંનો–પોતાનો સાક્ષાત્કાર. અર્જુનને કૃષ્ણનો–ભગવાનનો સાક્ષાત્કાર – તેના ભવ્ય ને દિવ્ય રૂપનાં દર્શન !

અહીં ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં ભક્તિ ઉપર ભાર મૂકે છે અને ત્રણ વાતનો નિર્દેશ કરે છે :

(૧) જ્ઞાન થવું, (૨) મને જોવો અને (૩) મારામાં તત્ત્વથી પ્રવેશ કરવો.

આ ત્રણેયને વિગતે સમજીએ :

**(૧) જ્ઞાન થવું** : આ જ્ઞાન થવું એટલે શું? અંતરમાં જયારે પ્રભુના અસ્તિત્વની અનુભૂતિ થાય, એ અનુભૂતિની સાથે જ પ્રભુના શરણમાં, ચરણમાં, ચિંતનમાં, સ્વરૂપમાં માનવીનું–ઉપાસકનું ચિત્ત ચોંટવા માંડે, લીન થવા માંડે અને એ એકાગ્રતા દ્વારા, તલ્લીનતા દ્વારા માનવીના–ઉપાસકના હૃદયમાં આપોઆપ ભગવાન વિશેની સમજ–પ્રતીતિ ઉદ્‌ભવવા લાગે છે. ઈશ્વરના અસ્તિત્વની પ્રતીતિ, એના કૃપાશિષની મહત્તા ને તેની ઉપાસનાનો તરીકો–રીતની જયારે પૂરેપૂરી ખબર પડી જાય છે, તેને સાદી–સરળ વ્યાખ્યામાં જ્ઞાન કહી શકાય. માનવી–ઉપાસક અનન્ય ભક્તિ દ્વારા આ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

**(૨) મને જોવો :** એટલે કે ભગવાનનાં સૂક્ષ્મ, પ્રત્યક્ષ કે પરોક્ષ કે સાક્ષાત્, ગમે તે રીતે દર્શન થવાં. અર્જુનની જેમ સ્વયં ભગવાનનાં દર્શન કોઈક વિરલને જ થાય છે, પણ ભગવાનનું દર્શન એ રીતે સીમિત નથી બનતું. એનાં દર્શનની અનેકવિધ રીતિઓ હોય છે. ભગવાનમાં સદા લીન રહેતા ભક્તને ભગવાન ચાહે–ઇચ્છે તે રીતે દર્શન આપી શકે છે કે આપવાની ફરજ પડે છે.

**(૩) મારામાં તત્ત્વથી પ્રવેશ કરવો :** ભક્ત ભગવાનમાં લીન બની જાય છે. ભગવાન ને ભક્ત વચ્ચે અદ્વૈત સધાય છે. તત્ત્વતઃ બંને અભિન્ન બની રહે છે. ભક્તનું ચિત્ત ભગવાનમાં હોવાથી ભગવાનનું ચિત્ત આપોઆપ ભક્તમાં લીન થઈ જ જાય છે. આ અનન્ય ભક્તિનો પ્રભાવ છે.

બારમા અધ્યાયમાં ભક્તિ વિશે વિશદ છણાવટ કરી છે. અને ભક્તિ માટે ઉપાય પણ બતાવ્યો છે, જેનો સારાંશ આ પ્રમાણે છે. ભગવાન કહે છે કે શ્રદ્ધાપૂર્વક મારામાં મન રાખી મારી ઉપાસના કરે છે તે ઉત્તમ યોગી છે. જે માનવી સર્વ કર્મો મને એટલે ઈશ્વરને અર્પણ કરે છે તેનો મૃત્યુસંસાર-સાગરમાંથી હું પોતે ઉદ્ધાર કરું છું. તું મારામાં મન પરોવ, મને બુદ્ધિ અર્પણ કર. તેથી તું મને પામીશ તેમાં કોઈ સંશય નથી. જો તું મારામાં ચિત્ત સ્થિર ન કરી શકે તો અભ્યાસ દ્વારા મને મેળવવાની ખેવના રાખ. એ પણ શક્ય ન હોય તો, મારે માટે કર્મ કરનારો થા. તે પણ શક્ય ન હોય તો મારે માટે યોગનો આશ્રય લે. ને સઘળા કર્મના ફળનો ત્યાગ કર. અભ્યાસ કરતાં જ્ઞાન સારું છે, જ્ઞાન કરતાં ધ્યાન અને ધ્યાન કરતાં સર્વ કર્મોના ફળનો ત્યાગ ઉત્તમ છે. કારણ તેનાથી તરત શાંતિ મળે છે.

અહીં ભગવાન સૌ પ્રથમ પોતાનામાં ચિત્તને લીન કરવા–સ્થિર કરવા સમજાવે છે. ચિત્તને સ્થિર કરવું કોઈપણ મનુષ્ય કે ઉપાસક માટે અત્યંત દુષ્કર છે, પણ તેથી હિંમત હારી જવાની નથી કે નિરાશ થવાનું નથી. ચિત્તને સ્થિર કરવું કોઈપણ માનવી કે મુમુક્ષુ માટે અનિવાર્ય આવશ્યક છે. એને માટે સતત પ્રયત્ન કરવાનો છે. આ પ્રત્યન કરવા માટે ભગવાન સ્વયં સમજાવે છે. તેમ ન થાય તો ઈશ્વરીય કર્મો કરવા. ઈશ્વરીય કર્મો કેવળ ઇષ્ટની પૂજા, અર્ચના, આરતી કે દેવદર્શનમાં જ સમાપ્ત થઈ જતાં નથી. મન, વચન ને કર્મથી પવિત્ર ને સાત્ત્વિક રહી જીવન જીવવું ને ઇષ્ટની ભક્તિ કરવી એ સાચું ઈશ્વરીય કર્મ છે. તે પણ ન થાય તો યોગનો આશ્રય લેવો, તે પણ શક્ય ન બને તો સર્વ કર્મનાં ફળનો ત્યાગ કરવાનો અનુરોધ ભગવાન સ્વયં કરે છે.

ભગવાન અત્રે માનવીને નિરપેક્ષ બનવા કહે છે. માનવી જ્યારે ભક્તિ કરતાં ફળની આકાંક્ષા, સારા–માઠા ફળનો વિચાર છોડી દે છે ત્યારે તેના મનમાં લેશ માત્ર ગ્લાનિ ઉદ્‌ભવતી નથી ને તેનું ચિત્ત સદા સર્વદા પ્રભુના ચિંતનમાં, સ્મરણમાં લીન બનેલું રહે છે. આ મનોસ્થિતિ ભક્તિના માર્ગ પર માનવીને લઈ જાય છે ને આગળ ધપાવે છે. મનુષ્યે આ માર્ગ પર પછી ચાલ્યા કરવાનું છે. આમાંથી જ વૈરાગ્ય કેળવાય છે ને માનવીની પ્રજ્ઞા (બુદ્ધિ) સ્થિર બને છે.

હૃદયમાં ઈશ્વર પ્રત્યે પ્રેમાકુંર જાગતાં જ માનવી ભક્તિને અભિમુખ બને છે અને જેમ જેમ તેમાં આગળ વધતો જાય છે તેમ તેમ હૃદયનાં પ્રેમાકુંરો ફૂલતાં–ફાલતાં જાય છે. પ્રભુને પામવા પ્રેમનીતરતા હૃદયની પ્રથમ આવશ્યકતા છે. જે વ્યક્તિના હૃદયમાં પ્રેમતત્ત્વ છે તે ભક્તિમાર્ગ પર આકર્ષાય છે. અને એક વખત ડગ માંડયા પછી તે માર્ગ પર ટકી શકે છે. જેનામાં પ્રેમતત્ત્વના ઊણપ હોય છે. તેઓ આ માર્ગ પર આવી શકતા નથી અને કદાચ અનાયાસે આવે તો ટકી પણ શકતા નથી.

અનન્ય ભક્તિભાવ વિના પરમાત્માની પ્રાપ્તિ કદી થઈ શકે નહીં. આ અનન્ય ભક્તિમાં પ્રેમ ઉપરાંત શ્રદ્ધા, સમર્પણ અને લગનપૂર્વકના પુરુષાર્થનો પણ સમાવેશ થઈ જાય છે. ઊંડી લગન, શ્રદ્ધા અને સમર્પણ હશે તો એ ભક્તિ પરમાત્માની નજદીક જલ્દી લઈ જશે.

ભક્તિના આ માર્ગ પર મનુષ્યે એકલા ને એકલા જ ડગ ભરતાં રહેવાનું છે. એણે કદી આડી-તેડી નજર સુદ્ધાં કરવાની નથી. એનું ધ્યાન સદા પ્રભુના સ્વરૂપમાં–ચિંતનમાં જ પરોવાયેલું રહે એ આવશ્યક છે. ભક્તિ માણસે સ્વયં એકલા જ સિદ્ધ કરવાની છે. કારણ, આ માર્ગ પર કદી ટોળાં ઊમટતાં નથી. ભક્તસમાજ લઘુમતિમાં જ હોય છે. પણ, ખેદની વાત એ છે કે, આપણો ભક્તસમાજ કેટલીક વિસંગતતાઓમાં–ક્ષુલ્લકતામાં–નિરર્થકતામાં સરી પડે છે. એની દૃષ્ટિ તિર્યક્–ત્રાંસી બને છે અને ભક્તોમાં એકતા ને સંગઠનનો અભાવ વર્તાવા માંડે છે. આ સ્થિતિ ઉચિત નથી.

કોઈ પણ ભક્તનો હેતુ પરમતત્ત્વને પામવાનો છે. તેમનો માર્ગ જુદો હોય, સમ્પ્રદાય જુદો હોય, મતમતાંતરો હોય એ બનવાજોગ છે. પણ એને કારણે ક્યારેક પરસ્પર થોડુંક વૈમનસ્ય સર્જાય છે, ને ભક્તિની શક્તિને પામવામાં થોડોક આંતરિક અંતરાય ઉપસ્થિત થાય છે. સહુ ભક્તોએ એક જ પંથના પ્રવાસી છીએ તેવું દૃઢ મનોબળ કેળવી, સહુ સાથે પ્રેમભાવ, આદર અને સહકારનું વલણ રાખવું ઇષ્ટ છે. આપણે એમ જ માનીએ કે આપણે સહુ ભક્તિમાર્ગ પર પા પા પગલી જ માંડી રહ્યાં છીએ, ચારે બાજુ ઇર્ષ્યાળુ તોફાની–અભક્તોનાં ટોળાં આપણી હાંસી ઉડાવી રહ્યાં છે; તો એક જ પંથના પ્રવાસી આપણે એકબીજાની ઓથે હાથમાં હાથ મિલાવી સંગઠિત બની સ્થિરપણે ચાલીએ તો આપણા પ્રેમભાવપૂર્ણ વર્તનથી ઈર્ષ્યાળુ તોફાની અભક્તોનાં ટોળાને સન્માર્ગે વાળી શકાશે. ભક્તિમાર્ગ પર ચાલનારે હંમેશ પ્રેમ, સદ્ભાવ, સહકારના સરવાળા અને ગુણાકાર જ કરવાના હોય અને ઇર્ષ્યા, વેર–ઝેર–ક્રોધ અને અસત્ય વગેરેની બાદબાકી કરવાની જરૂર છે.

એટલું જ નહિ, ભક્તિમાર્ગ પર ચાલનારે–ચાલવા ઇચ્છતા માનવીએ સૌ પ્રથમ અહંકાર ને મમત્વનો ત્યાગ કરવાનો રહે છે. જ્યાં અહંકાર ને મમત્વનો ત્યાગ ન થાય ત્યાં સુધી ઈશ્વર પ્રત્યેના પ્રેમનો પ્રાદુર્ભાવ થઈ શકશે નહિ. પ્રેમ જાગ્યો હશે તો પણ અહંકારની આગમાં બળી જશે અને આપણે દાઝી જઈશું. કોઈપણ બાબત નાની હોય કે મોટી, સારી હોય કે ખોટી, કેવળ પ્રભુનું જ નિર્માણ છે ને પ્રભુના એ નિર્માણને નતમસ્તકે સ્વીકારવું રહ્યું, એ જ સાચી ભક્તિ છે. મનુષ્યના કોઈ પ્રયત્નો, કોઈ ઉધામા ન હોય, કેવળ પ્રભુનું ચિંતન ને સ્મરણ હોય, સર્વ સમર્પણ પ્રભુનાં ચરણોમાં કર્યું હોય ત્યારે જ ભક્તિ સાર્થક થાય છે. ભગવાન ને ભક્તનું અદ્વૈત સધાય છે. ભગવાનને સાક્ષાત્ ભક્તની પાસે આવવું પડે છે.

ત્યારે સાચો ભક્ત કોને કહેવાય એ પ્રશ્ન સહેજે ઉદ્ભવે છે. સાચો ભક્ત કદી કોઈની ઈર્ષ્યા–નિંદા કરતો નથી. બીજો ભક્ત ભક્તિમાર્ગમાં કેટલો આગળ કે પાછળ છે તે પણ તેણે જોવાનું નથી. પોતે જે માર્ગ પર ચાલવામાં ધન્યતા–આનંદ માણે છે એ જ માર્ગ પર બીજો સાધક આગળ ચાલી રહ્યો છે કે ચાલવાનો પુરુષાર્થ કરી રહ્યો છે આટલું જ એને માટે પૂરતું છે. તેઓના પર પ્રેમભાવ રાખી આત્મીય ભાવ કેળવવા સિવાય બીજું કંઈ જ કરવાનું રહેતું નથી. અન્ય ભક્તો ઈષ્ટ દેવની સાધના, ભક્તિ, ઉપાસના કઈ પદ્ધતિથી કરે છે, તેઓની ભક્તિ સકામ કે નિષ્કામ છે એ પણ તેણે જોવાનું નથી.

બારમા અધ્યાયને અંતે ભગવાને ભક્તના અનેક ગુણોનું વર્ણન કર્યું છે.

સાતમા અધ્યાયના ૧૬મા શ્લોકમાં ભક્તના ચાર પ્રકાર ગણાવ્યા છે : આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની. ભગવાન સ્વયં કહે છે કે અનન્ય ભાવે મારી ભક્તિ કરનારો જ્ઞાની ઉત્તમ છે કેમ કે જ્ઞાનીને હું અત્યંત પ્રિય છું અને તે મને પ્રિય છે.

જ્ઞાની એટલે જેને પરમાત્માનું જ્ઞાન થઈ ચૂક્યું છે તે. પરમાત્માના જ્ઞાનવાળો સતત તેના જ સ્મરણમાં, ચિંતનમાં, ધ્યાનમાં લીન બની રહે છે ને તે સ્વાભાવિક રીતે જ ભગવાનનો પ્રિય બને છે.

વર્ગમાં નિયમિત અભ્યાસમાં રત રહેતો વિદ્યાર્થી જેમ શિક્ષકને આપોઆપ વહાલો લાગે તેવી જ રીતે ઈશ્વરમાં લીન રહેતો મનુષ્ય ઈશ્વરને આપોઆપ જ પ્રિય બની જાય છે.

અહીં મનુષ્યના હૃદયમાં સહજભાવે ઉદ્‌ભવતા પ્રભુ પ્રત્યેના પ્રેમનો, આરતનો નિર્દેશ થઈ જાય છે ને એ પ્રેમનું સાતત્ય ભગવાનને ભક્ત સામે ને પાસે ખેંચી લાવે છે.

પણ મનુષ્યનું કર્તવ્ય ઉદ્‌ભવતી કે ઉદ્‌ભવેલી ભક્તિને દૃઢ કરતા રહેવાનું છે. એને દૃઢ કરવાના અનેક તરીકા–રીતિઓ છે. એક પ્રસંગ જોઈએ.

રામ શબરીના આશ્રમમાં આવી પહોંચે છે ત્યારે રામને જોઈ શબરી અત્યંત ભાવવિભોર બની જાય છે. શબરી રામને કહે છે કે હું તમારી સ્તુતિ કેવી રીતે કરું ? હું તો અધમ ને અપરાધિણી છું.

ત્યારે શ્રીરામે કહ્યું કે હું તો ભક્તિના સંબંધને જ મહત્ત્વનો ગણું છું. ભક્તિ વિનાના જીવનની કોઈ જ કિંમત નથી. તેથી જીવનને ભક્તિથી સુશોભિત કરવાની જરૂર છે. ભક્તિ જ જીવનનું શ્રેય સાધી શકે છે. ભક્તિના નવ પ્રકાર છે. એક પ્રકારની પણ ભક્તિ જેનામાં પૂરેપૂરી હોય તેને હું અતિશય પ્રિય માનું છું તો તારી અંદર તો એ ભક્તિના સઘળા પ્રકારો ચરિતાર્થ–સાર્થક થયેલા છે એટલે જ મોટા મોટા યોગી ને મુનિઓને દુર્લભ ગણાતી કૃપા તને પ્રાપ્ત થઈ છે.

રામ અને શબરીના આ વાર્તાલાપ દ્વારા નવધા ભક્તિના રહસ્યની રજૂઆત થઈ છે, જે પ્રત્યેક મનુષ્યે યાદ રાખવા જેવી છે. એ આ પ્રમાણે છે :

“ પ્રથમ ભગતિ સંતન્હ કર સંગા
દૂસરી રતિ મમ કથા પ્રસંગા
ગુરુપદપંકજ સેવા તીસરી ભગતિ અમાન,
ચૌથી ભગતિ મમ ગુનગુન
કરઈ કપટ તન ગાન.
મંત્રજાપ મમ દૃઢ વિશ્વાસા
પંચમ ભજન સો બેદ પ્રકાસા
છઠ દમ સીલ બિરતિ બહુ કરમા
નિરત નિરંતર સજ્જન ધરમા
સાતવં સમ મોહિમય જગ દેખા
મોતેં સંત અધિક કરિ લેખા
આઠવં જથા લાભ સંતોષા;
સપનેહું નહિ દેખઈ પરદોષા.
નવમ સરલ સબ સન છલહીના,
મમ ભરોસ હિયં હરષ ન દીના.”

ભક્તિનો પહેલો પ્રકાર સંતસમાગમનો છે. જીવનમાં ભક્તિનો ઉદય થવાનો હોય ત્યારે મન સંતપુરુષો તરફ વળે છે. ઈશ્વરની લીલાના કથાપ્રસંગોમાં પ્રીતિ થવી એ બીજો પ્રકાર છે. ત્રીજી ભક્તિ નમ્રતાને ધારણ કરવી તથા ગુરુની શ્રદ્ધા સહિત સેવા કરવી તે. ચોથી ભક્તિ સરળ હૃદયથી ઈશ્વરના

ગુણગાન ગાવા તે છે. અખંડ વિશ્વાસથી ગુરુએ આપેલા કે પોતે પસંદ કરેલા મંત્રનો નિરંતર જપ કરવો તે પાંચમા પ્રકારની ભક્તિ છે. છઠ્ઠી ભક્તિ જુદાં જુદાં વ્યાવહારિક કર્મોમાંથી મનને ઉપરામ કરી (શાંત કરી) સજ્જનને છાજે તેવી રીતે આચરણ કરતાં મન તથા ઈંદ્રિયોને સંયમ કરવો તે છે.

જડ અને ચેતનમાં બધે જ ઈશ્વરનું દર્શન કરવું તથા સંતપુરુષોને ઈશ્વર કરતાં અધિક માનીને મળવું તે સાતમી ભક્તિ. સંતોષી બનવું ને બીજાના દોષને સ્વપ્નમાં પણ જોવા નહિ એ આઠમી ભક્તિ. નવમી ભક્તિ સરળ તથા છળકપટથી રહિત બનીને હર્ષ–શોકનો ત્યાગ કરીને એક માત્ર ઈશ્વરનો ભરોસો રાખવો તે છે.

જીવનમાં આ ઉપયોગી હોવાથી તેને ચરિતાર્થ કરવા પ્રયત્ન આદરવો આવશ્યક જણાય છે.

ભક્તિ એ કેવળ બાહ્યાચાર નથી, તેમ કેવળ ભાવજગતમાં પણ તેનો આધાર નથી. એ જીવનમાં તાણાવાણાની જેમ ગૂંથાયેલી રહેવી જોઈએ. ત્યારે જ એ ભક્તિ સાચી ને તો જ એ ભક્તિ દ્વારા સાક્ષાત્કાર પામી શકાય. એ સિવાયની ભક્તિ એ ભક્તિ નથી. એ કેવળ આત્મવંચના છે. પ્રભુને છેતરવાનો તરીકો છે.

આપણે ભક્તિને ખૂબ જ મર્યાદિત બનાવી દીધી છે. કેવળ સ્નાનશુદ્ધિનો આગ્રહ રાખી, સગાં-સંબંધી કે પડોશી સાથે દેવદર્શને જઈ કેવળ હાથ જોડવા, પ્રસાદ ધરવો, બે–પાંચ રૂપિયા દાનદક્ષિણા કરવાં, બે–ચાર વાતો પ્રભુની કરવી કે કથા-પ્રવચનો સાંભળવા જવું, થોડીક પળોમાં આ બધું ત્રિલાઈ જાય છે ને ફરી પાછાં આપણે જીવન, સંસારની ઘરેડમાં, પળોજણમાં પરોવાઈ જઈએ છીએ તે ઉચિત નથી. સ્નાનશુદ્ધિની સાથે હૃદયને પવિત્ર ને અસ્તિત્વને સાર્થક બનાવીએ, બે હાથ જોડતાં પરમાત્માનાં ચરણ–શરણમાં હૃદય દ્રવિત ન થાય ત્યાં સુધી એ સ્થૂળ શારીરિક ક્રિયા જ બની રહે છે. કથા–પ્રવચનો સાંભળીને એનું સારતત્ત્વ ગ્રહણ કરીને જીવનમાં ઊતારીએ નહિ, તેનો અમલ ન કરીએ તો તે કેવળ એટલા સમયનો બગાડ જ છે. આપણો સમય વ્યર્થતામાં સરી ન પડે તેની કાળજી રાખવાની છે. પળ પળ કરતાં દિવસો, મહિનાઓ ને વર્ષો વહી ગયાં ને વહી જશે. ને આવ્યા હતા ત્યાં જવાનો વારો અબઘડી આવી રહેશે ને તેથી જ પ્રભુને, પ્રભુની ભક્તિના સાચા હાર્દને, રહસ્યને સમજીએ ને અમલમાં મૂકીએ તો શબરીની જેમ, અર્જુનની જેમ આપણને પણ દર્શન આપવા ભગવાને–માતાજીએ સ્વયં આવવું પડશે.

□


'ગુરુકૃપા હિ કેવલમ્'

મીના ટ્રેડર્સ

"ભગવતી"

❀

ઉદવાડા–Rs. ૩૯૬૧૮૫

# જ્ઞાનગોષ્ઠિ

**પ્ર૦** દોઢ–બે કલાકના મંત્રજપ અને સ્તોત્રપઠનને અન્તે ઈષ્ટ સમક્ષ–માતાજી સમક્ષથી ઊઠવાનું મન નથી થતું. શા માટે?

**ઉ૦** મન ખૂબ ચંચળ છે. તે ક્યારેક એકાગ્ર થાય છે તો ક્યારેક વિચારોના વમળમાં અટવાયા કરે છે. દોઢ–બે કલાકના મંત્રજપ અને સ્તોત્રપઠનને કારણે સમસ્ત અસ્તિત્વ ઈષ્ટના–માતાજીના સ્વરૂપ, ધ્યાન અને સ્મરણમાં એકાગ્ર બને છે, સંલગ્ન થાય છે ત્યારે તેટલા સમય પૂરતું ઈષ્ટ સાથે–માતાજી સાથે અનુસન્ધાન થવાથી, માનવીની ચેતના પરમ ચેતના સાથે તદાકાર થવાથી, તેથી અલૌકિક આનન્દની અનુભૂતિ થવાથી આનન્દની એ પળોમાંથી, એકાગ્રતા–અનુસન્ધાનની એ અવધિમાંથી અસ્તિત્વને અળગું કરવું ગમતું નથી. આપણે હરહંમેશ આવી તદાકારતા અનુભવી શકીશું તો ચોક્કસ એક દિવસ માતાજી સુધી, ઈષ્ટ સુધી પહોંચી શકીશું. સાચી ઉપાસનાની આ જ ક્ષણો છે. પરન્તુ આ ને આવી ઉપાસના માટે કોઈ આયાસ કરવાનો રહેતો નથી. એ તો સ્વયંભૂ આવે છે. એકાગ્રતાની–તદાકારતાની સ્વયંભૂ–સહજ અનુભૂતિ માટે પણ સતત–નિરંતર મંત્રજપ કર્યા કરવા એ જ ઈષ્ટ છે.

**પ્ર૦** ધ્યાનમાં બેસતા, વાતાવરણ જમાવવા માટે સૌ પ્રથમ આપે પાંચ વાર મંત્રજપ કરવા કહ્યું છે. એ પાંચ મંત્રજપ કરતી વેળા ઘણી વાર ખૂબ હાંફી જવાય છે, શ્વાસ ચઢી જાય છે. એનું શું કારણ?

**ઉ૦** મંત્રજપના લયની જુદી જુદી ગતિ છે, જુદાં જુદાં સ્થાનો છે. જપનો લય ક્યાંથી શરૂઆત પામે છે અને તેની કેવી ગતિ થાય છે તેના પર તેનો આધાર છે. એટલે શ્વાસ ચઢવો કે હાંફી જવું તે લયની ગતિનું પરિણામ છે. એથી ગભરાવવાની જરૂર નથી.

**પ્ર૦** ક્યારેક મંત્રજપ દરમ્યાન ખૂબ આનન્દ ને હળવાશ અનુભવાય છે, તો ક્યારેક માથું ખૂબ ભારેખમ બની જાય છે. જાણે ઘણો બધો માનસિક પરિશ્રમ કર્યો ન હોય તેમ લાગે છે, શા કારણથી?

**ઉ૦** કોઈપણ મંત્રના જપથી શરીરના એક પ્રકારની ઊર્જા એટલે શક્તિનો પ્રવાહ ઉદ્‌ભવે છે. એ શક્તિ પરમતત્ત્વની જ હોય છે, જે ખૂબ પ્રખર હોય છે. એ શક્તિના સંચારથી મગજ એકદમ ભારે થઈ જાય છે. એ શક્તિનો સંચાર અંદર જ સ્થગિત થઈ જતાં–જપ પૂરા થતાં–હળવાશ પણ અનુભવાય છે.

**પ્ર૦** ઉપાસનામાં–સ્વપ્નમાં પરમતત્ત્વની કૃપાની જે અનુભૂતિઓ થાય છે તે કોઈ સમક્ષ વર્ણવવાથી બંધ થઈ જાય છે એમ કહેવાય છે તેમાં તથ્ય કેટલું?

**ઉ૦** ઉપાસનામાં કે સ્વપ્નમાં પરમતત્ત્વની કૃપાની જે અનુભૂતિઓ થાય છે તે કોઈ સમક્ષ વર્ણવવાથી બંધ થઈ જાય છે. એમાં તથ્ય એટલું છે કે અનુભૂતિઓનું વર્ણન કરવાથી લોકો આપણી પ્રશંસા કરે છે. એ પ્રશંસાથી આપણામાં ઉપાસના માટે અહમ્ ઉદ્‌ભવે છે. જ્યાં અહમ્ ઉદ્‌ભવ્યો ત્યાં પછી સર્વનાશ જ થાય છે. એવો અહમ્ ઉદ્‌ભવવાથી એ અનુભૂતિઓ આપણને થતી નથી. બાકી સામાન્ય રીતે અનુભૂતિઓ અન્ય સમક્ષ વર્ણવવાથી બંધ થતી નથી. ઉપાસનાની–પરમતત્ત્વની અનુભૂતિઓને અહમ્‌નો એરું ન આભડી જાય તેની તકેદારી રાખવાની જરૂર છે.

પરમતત્ત્વની શક્તિ તો અનન્ત અને અસીમ છે. એનો તાગ પામવાની સામાન્ય મનુષ્યની કોઈ તાકાત નથી. પરમાત્મા ખૂબ દયાળુ ને કૃપાળુ છે. એની દયા અને કૃપાની રજમાત્ર જેટલી અનુભૂતિથી પણ માનવી ફુલાઈ જાય તે કેટલે અંશે ઉચિત છે? ઉપાસના કરતો માનવી જેમ બને તેમ વિનમ્ર ને વિવેકી બને તે જરૂરી છે. આપણે નત મસ્તકે બે હાથ જોડી પ્રભુ સમક્ષ ઊભા રહીએ તેનો અર્થ જ એ છે કે આપણે આપણું અસામર્થ્ય જાહેર કરીએ છીએ. મનુષ્ય માટે મિથ્યા અહમ્‌માં રાચવું વિનાશકારી નીવડે છે. પરમતત્ત્વની કૃપાની અનુભૂતિઓની રજૂઆત વેળા માનવીમાં આ મિથ્યા અહમ્ આવતાં જ તે અનુભૂતિઓ સદંતર બંધ થઈ જાય છે.

પ્ર૦ ઈશ્વરભક્તિનો ખરો સમય કયો?

ઉ૦ યૌવન એ ઈશ્વરભક્તિ માટે સૌથી શ્રેષ્ઠ સમય છે. પરન્તુ હું એમ માનું છું કે યુવાનીમાં ઈશ્વરમાં મન લગાડવા, ચિત્ત ચોંટાડવા ભક્તિનાં બીજ રોપી, તેના વટવૃક્ષને વિકસાવવા માટે માતા બાળકને ગર્ભમાંથી જ ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા, શરણાગતિ ને તેની ભક્તિ કરવા માટેના સંસ્કાર આપે તે જરૂરી છે. માતા તેવું માનસિક વલણ–અભિગમ કેળવે કે કેળવેલો હોય તો જ તે તે પ્રમાણે કરી શકે. પણ માતા એ પ્રમાણેના સંસ્કાર ક્યારે આપી શકે? તેણે પણ તે પ્રમાણે બાળપણથી ગર્ભમાંથી જ સાત્ત્વિક ને પવિત્ર સંસ્કારો પ્રાપ્ત કર્યા હોય ત્યારે જ. આથી ઈશ્વરભક્તિનાં બીજ ગર્ભાવસ્થામાં જ રોપાવાં જરૂરી છે. બાળકનો જન્મ થયા બાદ માતા બાળકને સ્તનપાન કરાવતી વેળા શુદ્ધ પવિત્ર સાત્ત્વિક વિચારો કરી, ઈષ્ટનું સ્મરણ–જપ કરતાં કરતાં બાળકમાં ભક્તિના સંસ્કારો ઊતારી શકે છે. આથી માતા અને બાળક બન્નેની શારીરિક તેમ જ માનસિક તંદુરસ્તી રહેશે. વળી બાળકને દરરોજ ગમે તે રીતે ઈષ્ટનાં દર્શન કરાવવાં જોઈએ. બાળક સમજણું થાય–બોલતું થાય એટલે એને ગમે તે એક મંત્રનો જપ ઉચ્ચારતાં શીખવવું જોઈએ. અને પછી થોડુંક વધુ સમજદાર થતાં ઈષ્ટનું એ પ્રમાણે ચોક્કસ સ્મરણ–જપ કરવા બેસવાની ટેવ પાડવી જોઈએ ને તેવું વાતાવરણ પણ ઘરમાં જમાવવું જોઈએ. આમ શૈશવથી જ બાળકમાં ભક્તિનો–ભક્તિના શિસ્તનો સંસ્કાર રેડ્યો હશે તો ભર યુવાનીમાં પણ તેને ઈશ્વર પ્રત્યે પ્રીતિ જાગશે, શ્રદ્ધા ઉદ્‌ભવશે, શરણાગતિ આવશે ને ઈશ્વરભક્તિમાં તે પ્રવૃત્ત બની શકશે.

ઈશ્વરભક્તિની પ્રવૃત્તિ માટે યુવાની એ શ્રેષ્ઠ કાળ છે. યૌવન સહજ તેના ભોગો, આસક્તિઓ, આકર્ષણ પણ પવિત્ર, શુદ્ધ ને સાત્ત્વિક જ હશે. જેનાથી તે ઈશ્વરભક્તિમાં પ્રવૃત્ત થવા તત્પર થશે. તે સંસારના ભોગો ભોગવશે, પણ શિસ્ત ને સંયમ પણ જાળવી શકશે. તેનાં શિસ્ત ને સંયમ જ્યારે ઉપાસનામાં પ્રવૃત્ત થશે ત્યારે તે ભક્તિનું વિશાળ વટવૃક્ષ વિકસાવી શકશે.

યુવાનીમાં માનવી પાસે ચોક્કસ શક્તિ છે, જે શક્તિ દ્વારા જ તે ઉપાસના કે ભક્તિ કરી શકે છે. જેમ જેમ યુવાનીકાળ વિતતો જશે તેમ તેમ તેની શક્તિ ક્ષીણ થતી જશે, શરીરમાં અશક્તિ અનુભવવાથી સ્વાભાવિક રીતે જ યૌવનસહજ ઉત્સાહ ને જોમથી તે ઉપાસના ન કરી શકે. માનવીની શારીરિક અશક્તિ પણ માનવીના ઉત્સાહ પર પ્રહાર કરી શકે છે. અલબત્ત એવા કેટલાક વૃદ્ધો પણ જોયા છે કે જેઓ વૃદ્ધાવસ્થામાં પણ યૌવનસહજ માનસિક ઉત્સાહ ને શક્તિ જાળવી રાખી શકે છે. પણ એવા કિસ્સા ખૂબ જૂજ હોય છે.

અને એથી યે વિશેષ, જીવનનો દોર ક્યારે તૂટશે, મૃત્યુ ક્યારે આપણને ગ્રસી જશે તે વિશે કંઈ કહી શકાય તેમ નથી. વૃદ્ધાવસ્થામાં ઈશ્વરને ભજવાનો સંકલ્પ કરીને બેઠેલા માનવીના જીવનની દોર ભર યુવાન વયે જ તૂટી જાય એમ બની શકે. એટલે અનિશ્ચિત મૃત્યુનો ડર રાખી, વિચાર કરી, પ્રથમ-થી જ–યુવાની કાળથી જ–જ્યારથી ઈશ્વરનો પરિચય મેળવી લેવાના ઉજાસભર્યા પ્રભાતની પ્રતીતિ

સાથે જ—એનું ભાન થવાની સાથે જ—ઉપાસનામાં પ્રવૃત્ત થઈ જવું જરૂરી છે. મને લાગે છે કે આટલી છણાવટથી જે યુવાનો ઈશ્વરભક્તિમાં પ્રવૃત્ત ન થયા હોય, તેઓ પ્રવૃત્ત બને, જેઓ પ્રવૃત્ત બન્યા હોય તેઓ યૌવનસહજ ભોગો—આસક્તિઓ—મોજમજા સાથે પણ ગમે તે સંજોગોમાં ઈશ્વરની—ઇષ્ટની શરણાગતિમાંથી, વિશ્વાસમાંથી, શ્રદ્ધામાંથી ચલિત ન થાય.

પ્ર૦ એકાગ્રતા એટલે શું?

ઉ૦ એકાગ્રતાનો શબ્દાર્થ જ સૂચક છે. ગમે તે એકને આગળ કરી તેમાં પ્રવૃત્ત થવું, જાતને કેન્દ્રિત કરવી અથવા ગમે તે એકને મન, વચન ને કર્મથી સિદ્ધ કરવા મથી રહેવું, તેને સિદ્ધ કરવાની મનોપ્રક્રિયા, ચૈતસિક સ્પંદનો, ગમે તે એકને આગળ કરી અર્થાત્ તેને મહત્ત્વ આપી પરિપૂર્ણ સ્વરૂપે સિદ્ધ કરવા, પામવાની ચૈતસિક અવસ્થા તે એકાગ્રતા. અન્ય તમામ બાબતોને ગૌણ બનાવી દઈ તે એકનો પરિચય પામવા, સતત સતત મથ્યા કરવું તે એકાગ્રતા.

એકાગ્રતા એ ગમે તે એકની સાથે તલ્લીન, તદ્રુપ, તદાકાર થવાનો, લીન બનવાનો મનોવ્યાપાર છે. ચૈતસિક પ્રવૃત્તિ છે. એકની સાથે અનુસન્ધાન સાધવાનો સેતુ છે.

આપણે હંમેશ એકાગ્રતા કેળવવા માટે શું કરવું તે અંગે જ ચર્ચા કરી છે પણ એકાગ્રતા એ ખરેખર શું છે તે સમજી લેવું જોઈએ, જેથી એકાગ્રતાને જલ્દીથી સિદ્ધ કરી શકીશું તેમ લાગે છે.

પ્ર૦ એકાગ્રતા અનિવાર્ય ખરી?

ઉ૦ જીવનના નાના કે મોટા—ભૌતિક કે આધ્યાત્મિક તમામ બાબતોમાં એકાગ્રતા એક સરખી આવશ્યક ને અનિવાર્ય છે. કોઈ પણ કાર્ય સિદ્ધ કરવાની એ અનિવાર્ય શરત છે, કોઈ પણ બાબતને સિદ્ધ કરવા તેને મહત્ત્વ આપી તે માટે અવિરત ને પ્રખર પુરુષાર્થ તો કરવો જ પડે છે, તેમાં આપણું લક્ષ કેન્દ્રિત કરવું પડે છે. તે વિના તે સિદ્ધ થઈ શકતું નથી.

વિદ્યાર્થીઓને પરીક્ષા પાસ કરવા એકાગ્રતાથી અભ્યાસ કરવો પડે છે. ગૃહિણી રસોઈ એકાગ્રતાથી કરે તો તેમાં પ્રેમનો મધુર સ્વાદ ભળી શકે છે. તે જ રીતે ઉપાસક પણ એકાગ્ર ચિત્ત બની ઉપાસના કરે તો ઈષ્ટ સાથે અનુસન્ધાન સાધી શકે છે. મનને અપૂર્વ ને અલૌકિક શાંતિ મળે છે.

નાનું કે મોટું કોઈ પણ કામ ચોકસાઈથી થવું જરૂરી છે. ચોકસાઈથી કામ પાર પાડવા માટે એકાગ્રતાની ખાસ જરૂર છે.

માનવીની તમામ પ્રવૃત્તિઓમાં એકાગ્રતા એકસરખી અનિવાર્ય ને આવશ્યક છે.

□



મા ગાયત્રીની કૃપા


શ્રી ગણેશ ટ્રેડર્સ

'ભગવતી'

★

ઉદવાડા—Rs. ૩૯૬૧૮૫

# પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં.....



એક સાંજે વીસેક વર્ષની લાગતી એક યુવતીએ ગુરુદેવની કૂટિરમાં પ્રવેશ કર્યો. ગુરુદેવનાં ચરણોમાં મસ્તક મૂકી તેણે પ્રણામ કર્યા અને પછી ચરણો પર મસ્તક ટેકવી રાખી ડૂસકે ડૂસકે રડવા માંડ્યું. કૂટિરમાં અમે ત્રણ-ચાર જણ જ હતાં. ગુરુદેવ પાંચેક મિનિટ પહેલાં જ પધાર્યા હતા. એ યુવતીને રડતી જોઈ બહેન સહજ ભાવે જ બોલી ઊઠ્યાં: 'આને શું થયું? આજથી દસમે દિવસે તો એનું લગ્ન છે, ને આ કેમ આટલું બધું રડે છે?' યુવતી હજી યે રડતી જ હતી. ગુરુદેવે તેને થોડીક પળો એમ ને એમ રડવા દીધી પછી તેના માથે હળવેથી હાથ ફેરવી તેને ઊભા થવા કહ્યું. યુવતીનાં ડૂસકાં શમાતાં નહોતાં. થોડી ક્ષણો પછી ડૂસકાં ખાતાં ખાતાં જ તે યુવતીએ ગુરુદેવ સામે નજર કરી, એટલે ગુરુદેવે પૂછ્યું: 'શું છે?' પ્રત્યુત્તરમાં યુવતીનાં માત્ર ડૂસકાં. ડૂસકાં ખાતાં ખાતા જ યુવતીએ ગુરુદેવને કશું કહ્યું પણ શું કહ્યું તે સમજાયું નહિ. પરન્તુ ગુરુદેવે તેને પૂછ્યું, 'તો શું તારે લગ્ન નથી કરવું? તને છોકરો પસંદ નથી? તારે ક્યાંક બીજે કરવું છે? તો આપણે તેનો ઉપાય કરીએ. પણ આમ રડે છે શું?'

યુવતીએ ડૂસકાંભર્યા અવાજે કહ્યું, 'ના એવું નથી'.

એટલે તરત જ ગુરુદેવે કહ્યું, 'આજથી દસમે દિવસે તારાં લગ્ન છે. તારાં માતા-પિતા કેટલા પ્રેમ અને મહેનતથી તારા લગ્નની તૈયારી કરી રહ્યાં છે ને તું આમ રડે છે તે તને શોભે છે? તારા વૃદ્ધ પિતાનો તેં વિચાર કર્યો છે?' મૃદુ-મન્દ અને મિતભાષી ગુરુદેવના અવાજમાં જોસ્સો સ્પષ્ટ વર્તાતો હતો. તેથી લાગતું હતું કે યુવતીનાં આંસુ-મૂંઝવણ છોકરમત-બાલિશ હતાં.

'તને કોઈએ કશું કહ્યું? તને બીજી કોઈ મૂંઝવણ હોય તો મને કહે. આપણે તેનું નિવારણ કરીએ.' ગુરુદેવે વત્સલતાથી કહ્યું.

યુવતીનું રડવાનું હજુ ચાલુ જ હતું.

સામે બેઠેલાં બહેન સમક્ષ ગુરુદેવે કહ્યું, 'બહેન, એને કશી તકલીફ નથી. એકનો એક છોકરો છે. ડૉકટર થયેલો છે. એની સાથે આનન્દથી ફરવા-હરવા પણ જાય છે. મા-બાપ ખૂબ મહેનતથી એને માટે તૈયારી કરી રહ્યાં છે.'

વાતને વચ્ચેથી અટકાવતાં યુવતીએ કહ્યું પણ ખરું કે તેના પિતા કેવી રીતે તેના લગ્નની તૈયારી કરી રહ્યા છે. પણ એ સાથે ફરી યુવતીનાં ડૂસકાં...

ગુરુદેવે કહ્યું, 'એની મૂંઝવણ એવી છે કે, એને છ-છ નણંદો છે. ગયા પછી એને કોઈ કશું કહેશે, વઢશે તો એનું શું થશે? એવી બીકથી તે રડે છે'....

ગુરુદેવે તેના માથે હાથ મૂકયો ને શાંત થવા જણાવ્યું. ગુરુદેવે આશ્વાસન, માર્ગદર્શન અને ઠપકો આપતા હોય તેમ કહ્યું, 'તને હું વઢીને કહું તો જ તું માને છે. તને હું પ્રેમથી સમજાઉં તો તું સમજે તેમ જ નથી! તું ઉંમરલાયક થઈ. તારે હવે ઘર અને સંસારની જવાબદારી ઉપાડવાની છે ને આમ અણસમજુ હોય તેમ રડે છે શું? જાતજાતના અર્થહીન તર્કવિતર્કો કરીને જ છોકરીઓ પોતાના પગ પર જ કુહાડો મારે છે. જો બહેન સાસુ એ સાસુ છે ને માવતર એ માવતર છે. આપણે મર્યાદામાં રહી, સહનશીલ બની, બધાંની સાથે હળીમળીને એવું કામ કરીએ કે કોઈને કશું કહેવાપણું જ ન રહે. ધારો કે કોઈ કશું કહે તો પણ આપણે પહેલાં આપણી ભૂલ શોધવાનો ને શોધીને સુધારવાનો પ્રયાસ કરવો જોઈએ. સહનશીલ બનીશ તો જ સાસરામાં રહી શકીશ.'

આમ થોડુંક ઠપકારીને, થોડીક સલાહ આપીને ગુરુદેવે પ્રેમ અને વાત્સલ્યથી શાંત પાડી.

કયારેક માનવી આમ આ યુવતીની જેમ નિરર્થક મૂંઝવણ અનુભવે છે. અનાગતની કલ્પના કરીને તે દુઃખી ને ભયભીત બને છે. એવાઓને સાચી દિશાનું નિદર્શન કરી. પાણી આવતાં પહેલાં પાળ તૈયાર કરી રાખવાની સૂચના-સલાહ પણ આપતા રહે છે. અકારણ ખોટી યાતનામાં જીવનને ધકેલી દેતી વ્યક્તિઓને ગુરુદેવ આમ નિજી પુણ્યપ્રકોપથી, જોસ્સાથી બચાવી લે છે.

આ કિસ્સામાં શકય છે કે યુવતીને તેના માતા-પિતા કે અન્ય સગા-સંબંધીઓએ સમજાવી પણ હશે. અને એક બાળસહજ હઠ પકડીને દુઃખી થઈ હશે. આ વખતે ગુરુદેવનું સાન્નિધ્ય ને માર્ગદર્શન, તેમનો ઠપકો ને વાત્સલ્યથી યુવતીની બાલિશતાને દૂર કરવાનો ને તેને જવાબદારીનું ભાન કરાવાયું તે યોગ્ય જ થયું. અન્યથા તેની પોતાની જ બાલિશતા તેને માટે અહિતકર નીવડતે.

આમ સમાજની એક દીકરીને માતૃવત્ બનીને સાસરામાં રહેવાની કેવી સોનેરી સલાહ આપી! સૌ દીકરીઓએ એ સલાહ માનવા જેવી છે.

ગુરુદેવ પાસે આવતી, માતાજીને શરણે ગયેલી ઘણી વ્યક્તિઓ પોતાની આપત્તિઓ દૂર કરવા, મૂંઝવણનો ઉકેલ પ્રાપ્ત કરવા જ્યોતિષનો આશરો લે છે. જ્યોતિષીઓ ઘણી વાર ગ્રહોની વિષય ગતિ

દર્શાવી, ગ્રહોની શાંતિ માટે ખૂબ ખર્ચાળ વિધિવિધાન દર્શાવે છે. આપત્તિમાં સપડાયેલી, મૂંઝવણથી અકળાયેલી વ્યક્તિ એવા ખર્ચાળ વિધિવિધાન કરવા તત્પર પણ બને છે, પરન્તુ ગુરુદેવ પ્રત્યેના આદરભાવ અને માતાજીની કોઈક અગોચર પ્રેરણાથી એવા વિધિવિધાનની સંમતિ લેવા ગુરુદેવ પાસે આવે છે. ગુરુદેવ તેઓને સત્ય હકીકત દર્શાવી હજારોના ખર્ચામાંથી ઊગારી લે છે. વ્યક્તિ સાધારણ સ્થિતિની હોય કે સંપન્ન હોય, પણ ખોટા ખર્ચા ગુરુદેવને જરા પણ પસંદ નથી. એવા ખોટા ખર્ચામાંથી ઊગારી લીધેલા દીપકની વાત ગુરુદેવે એક દિવસ કૂટિરમાં વર્ણવી હતી.

એક દિવસ કૂટિરમાં બેઠેલ ભક્તો ગ્રહયોગોની વાત કરી રહ્યા હતા ત્યારે ગુરુદેવે દીપકની કથની વર્ણવતાં કહ્યું કે, 'દીપક ઘણા સમયથી મારી પાસે આવે છે. તેણે માતાજીની શરણાગતિ સ્વીકારી છે અને જપ પણ કરે છે. એક વાર તેના પિતાને એપેન્ડીક્ષનું ઑપરેશન કરાવ્યું આપણે જાણીએ છીએ કે ઑપરેશન કરતાં પહેલાં દર્દીની ચામડી બહેરી બનાવવા કમ્મરથી નીચેના ભાગમાં ઇંજેકશન આપવામાં આવે છે. ડૉકટરની બેદરકારીને કારણે દીપકના પિતાને આ ઇંજેકશન એવી રીતે આપવામાં આવ્યું કે જેથી તેમની અમુક નસો દબાઈ ગઈ અને તેના પિતા લકવાગ્રસ્ત બની ગયા. શારીરિક તકલીફો વધતી જતી હતી. દીપક નિયમિત જીવનજળ લઈ જતો હતો. પરન્તુ પિતાની માંદગી દરમ્યાન એક દિવસ એક જ્યોતિષી તેને મળી ગયા. જ્યોતિષીએ ગ્રહોની ગતિવિધિ વાંચી જણાવ્યું કે તમને પિતૃદોષનું નડતર છે તેથી તેનું નિવારણ કરવામાં આવે તો પિતા સારા થાય. તે માટે જ્યોતિષીએ બાર હજાર રૂપિયાનો ખર્ચ વિધિવિધાન માટે દર્શાવ્યો. દીપક બીજે દિવસે મારી સંમતિ લેવા આવ્યો ને જ્યોતિષીની વાત મને કરી. મેં કહ્યું, 'જો દીપક, મારી દૃષ્ટિએ 'પિતૃદોષ' જેવું કાંઈ જ નથી. પિતૃઓ કદી પોતાના વંશજોને કનડતા નથી. મૃતાત્મા પોતાના દીકરાને કે દીકરાના દીકરાને, ને પોતાના કુટુંબના અન્ય સભ્યોને શા માટે કનડે? શા માટે કષ્ટ આપે? કદી નહિ આપે એમ હું સ્પષ્ટ માનું છું. તેમ છતાં જેવી તારી મરજી. અને બીજી સ્પષ્ટ વાત કહું તે ધ્યાનથી સાંભળી લે. મને લાગે છે કે હવે તારા પિતા બહુ દિવસો કાઢી શકે તેમ નથી. તેથી તું હવે તેમને વધુ તકલીફ ન આપીશ અને બીજી કોઈ ઝંઝટમાં ન પડીશ. હું જળ આપીશ તે તું લઈ જજે, જેથી તેમની પીડા કંઈક ઓછી થાય. અને ગણતરીના દિવસોમાં જ દીપકના પિતા અવસાન પામ્યા.'

આમ વ્યક્તિગત મુલાકાત દ્વારા ગુરુદેવ તમામને સત્ય હકીકતનું નિદર્શન કરે છે, યોગ્ય માર્ગે વાળે છે એટલું જ નહિ, તેને તમામ પ્રકારનાં અનિષ્ટો–વિષમતામાંથી ઊગારી લે છે. તેના આ દૃષ્ટાંતો છે.

□

પૂ. ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના સહિત

આરતી ટ્રેડર્સ

જનરલ મરચન્ટ

'ભગવતી'

ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫

# શ્રદ્ધાનો વિજય

જગદીશ પરમાર

[ 'જનકલ્યાણ'માંથી સાભાર ]

'નહિ.'

અવાજ સાંભળીને બ્રાહ્મણી જાગી ઊઠી. તે પથારીમાં બેઠી થઈ. દીવાની વાટ જરા ઊંચી કરી જોયું તો પોતાનાં બે બાળકો–એક પુત્ર અને પુત્રી–નિરાંતે ઊંઘતાં હતાં. પતિ દેવદત્ત પણ ગાઢ ઊંઘમાં પડયો હોય એમ લાગ્યું તેણે ઓરડામાં ચારે તરફ નજર ફેરવી. બધું બરાબર હતું. નિરાંતે ઊંઘવા પ્રેરણા આપે એવી શાન્તિથી ઓરડો ભર્યો હતો.

'ભ્રમણા નહિ તો !' કહી એણે પથારીમાં લંબાવ્યું.

પણ પળ બે પળમાં એની આંખો ફરીથી ઊઘડી ગઈ. તેણે આ વખતે પણ સાંભળ્યું હતું :

'નહિ, નહિ.'

પતિ સૂતા હતા એ દિશામાંથી અવાજ આવતો હતો. તેણે ઓઢવાનું ફેંકી દીધું અને એ ઊભી થઈ ગઈ. દીવો લઈ એ પતિની પાસે આવી. એ તો નિરાંતે ઊંઘતો હતો. બાજુની ઉઘાડી બારી પાસે આવી તેણે બહાર જોયું. ત્યાં કોઈ નહોતું. કાળી મેઘલી રાત જામી હતી. વૃક્ષોની ડોલતી ડાળીઓ ઊંચે પ્રકાશતા તારાઓની જેમ અંધકારને હઠાવવા વ્યર્થ પ્રયાસ કરતી હતી. તેણે પીઠ ફેરવી વળી ઓરડામાં નજર ફેરવી. હવે ભ્રમણા કેમ હોઈ શકે ? આ વખતે તો તેણે શબ્દો બરાબર સાંભળ્યા હતા. તેણે કાન વધુ સરવા કર્યા. કાને તો સર્વત્ર સ્થિર થયેલી શાંતિનો સંદેશો આપ્યો. તેણે હવાને સૂંઘી. હવામાં કાંઈ હલચલ નહોતી. એ કાંઈ નક્કી કરી શકી નહિ

પતિની નજીક સરી તેણે દીવાનો પ્રકાશ તેની સામે ધર્યો રૂપાળા ગોરા ચહેરા ઉપર તપસ્વી જીવનની કાન્તિ ચમકતી હતી. અને એ કાન્તિને ચૂમવા એના વાંકોડિયા વાળનાં ઝુલ્ફાં કપાળની નીચે ઢળી રહ્યાં હતાં બિડાયેલાં પોપચાં ઉપર આંખોમાં છલકાતા સ્નેહની છાયા હતી. હરિનામ રટીને મૃદુ બનેલા હોઠ તરફ એનું ધાટીલું નાક ધન્ય ભાવે ઝૂકી રહ્યું હતું.

પ્રેમભર્યો ઉમળકો બ્રાહ્મણી રોકી શકી નહિ. દીવાને બાજુના ગોખમાં મૂકી એ પતિની પાસે બેસી ગઈ. પતિના કપાળે પથરાયેલા વાળને ઊંચા કરતી અને મસ્તક ઉપર હળવો હાથ ફેરવતી એ અનિમેષ એને જોઈ રહી.

'ના, ના, ના. કદી નહિ, હરગીઝ નહિ.' દેવદત્ત ઊંઘમાં બોલતો હતો.

બ્રાહ્મણી ચમકી ગઈ. માથા ઉપર ફરતો તેનો હાથ ઊંચો થઈ ગયો.

'શું છે ? તમે કોને કહો છો ?' તેણે ગભરાઈને પૂછ્યું.

દેવદત્ત જાગી ગયો. તેણે આંખો ખોલી. એ જાણે હજી યે બોલી રહ્યો હતો. 'હું નહિ આપું.'

'શું નહિ આપો ?' દેવદત્ત પત્નીને નજીક જોઈ આશ્ચર્યથી તાકી રહ્યો.

'તમે તો મને બધું આપ્યું છે.' અને ઊંઘતાં બાળકો અને ઓરડામાં પડેલી વસ્તુઓ તરફ હાથ લંબાવી કહ્યું : 'આ બાળકો, ઘર અને તમારો સ્નેહ ! મને તો બધું મળ્યું છે.'

'એ વાત નથી સાધ્વી ! મને સ્વપ્નામાં કોઈ કહી રહ્યું હતું કે પેલો પથ્થર આપણે ત્યાં આવ્યો છે તે જેની પાસેથી લીધો છે એને પાછો આપો.'

'એ તો કેમ બને? આપણે એને પથ્થર માની લઈ આવ્યા નથી. સાક્ષાત્ પ્રભુનો વાસ એમાં છે. એ જ પ્રભુ છે એમ માની લઈ આવ્યાં છીએ.' પત્નીએ કહ્યું.

'એટલે તો હું એ આજ્ઞાને નકારી રહ્યો હતો એ પાછો આપવાની ના કહી રહ્યો હતો.'

'આપે બરાબર કર્યું.' પત્નીને પતિના પ્રત્યેક કાર્યમાં શ્રદ્ધા હતી.

'પણ તેણે વધુમાં કહ્યું કે જો એ પથ્થર પાછો નહિ આપો તો તમારી પાયમાલી થશે.'

'એમ?'

'સત્યાનાશ નીકળી...' પત્નીએ પતિના મોં ઉપર હાથ દબાવી દીધો. 'એવી અશુભ વાણી તમારા મોંમાં શોભે નહિ.'

પત્નીએ દેવદત્તને બોલતાં અટકાવ્યો પણ દેવદત્તે સ્વપ્નામાં અનિષ્ટની આગાહી બરાબર સાંભળી હતી અને પરિણામની કલ્પનાએ એ કંપી રહ્યો હતો. પત્નીએ એના ખભા ઉપર સ્નેહભર્યો હાથ મૂકયો અને હિંમત આપતાં કહ્યું : 'જે ઘરમાં સાક્ષાત્ પ્રભુ બિરાજતા હોય તે ઘર સુરક્ષિત છે, એ ઘરમાં રહેનાર સુરક્ષિત છે. એમનું અનિષ્ટ હોઈ શકે જ નહિ. તમને શંકા છે?'

'ના'

'તો પછી આ કંપ શો? આ ધ્રુજારી કેમ? તમે એ પથ્થરને પથ્થર તો માનતા નથી ને?'

'ના, એ પથ્થર નથી. એથી કાંઈ વિશેષ છે. દૈવી વસ્તુ છે. મને પૂરી ખાતરી થઈ છે.'

અને દેવદત્તને પૂરી ખાતરી થાય તેવું જ બન્યું હતું. થોડા દિવસ પહેલાં એ શાકભાજી ખરીદવા બજારમાં ગયો હતો. ત્યાં તેણે જે જોયું એથી એના આશ્ચર્યનો પાર રહ્યો નહોતો. શાક વેચનારી એક જ તોલથી જુદા જુદા વજનની વસ્તુઓ જોખતી હતી. ખરીદનાર ભલેને એક શેર, બે શેર, ત્રણ શેર લીલોતરી માગે, પણ શાક જોખનારી તો એક જ પથરાનો ઉપયોગ કરતી હતી. એના તોલમાં જરાય ફેર નહિ. એક શેર માગનારને એક શેર, બે શેર માગનારને બે જ શેર, પાંચ શેર માગનારને પાંચ જ શેર વજનનું શાક મળતું. ત્રાજવાના એક પલ્લામાં એ એક જ પથ્થર પડી રહેતો. અને એ પથ્થરથી શાક વેચનારી જે વજન ઇચ્છે એ વજનનું શાક બીજા પલ્લામાં જોખાતું. બધાને માટે એ આશ્ચર્ય હતું, નવાઈનો વિષય હતો.

દેવદત્તે એક દિવસ એ પથ્થરની માગણી કરી. શાક વેચનારી એ સાંભળીને પ્રથમ તો ખાગણી હસી કાઢી.

'એ તોલું આપી દઉં પછી મારું શું? મારે બીજા કેટલાં તોલાં ખરીદીને રાખવાં? હું રહી અભણ ઓરત. મારાથી એ ન બને.'

પણ પથ્થરની વિશેષતા દેવદત્તના હૈયે વસી ગઈ હતી. એ માત્ર પથ્થર નથી, કંઈક વિશેષ છે. અદ્‌ભુત છે. એ હાથ કરવો જોઈએ. એણે મનમાં ગાંઠ વાળી અને બીજે દિવસે એ ફરીથી શાકવાળીને વિનવવા લાગ્યો.

'મને એ પથ્થર આપ! તું કહીશ એ આપીશ.'

'પણ પંડિતજી! આ પથરો કેમ કરીને તમને આપું? ભગવાને દયા કરીને મને આપ્યો છે.'

'ભગવાને આપ્યો છે?' દેવદત્ત હવે તો શાકવાળીની સામે ઉભડક બેઠો અને પૂછ્યું.

'હા, કનૈયા જેવા છોકરાએ આપ્યો છે.'

'છોકરો કયાં મળ્યો હતો?'

'નદી કાંઠે. સામે કાંઠેના વાસમાં હું શાક વેચવા ગઈ હતી. શાક વેચીને પાછી ફરી ત્યારે. નદીના પટમાં આવી ત્યારે ખબર પડી કે ત્રાજવું હતું પણ તોલાં નહોતાં. ખૂબ તપાસ કરી પણ મળ્યાં નહિ. ચિંતા કરતી અને ભગવાનને યાદ કરતી નદી કાંઠે બેઠી હતી. એ વખતે એક છોકરો આવ્યો. છોકરો હતો તો શામળો પણ જાણે એને જોયા જ કરીએ, એવો એ નમણો હતો, મોહક હતો.

'હું ચિંતામાં ડૂબેલી હતી પણ એને જોયા પછી ચિત્ત પ્રસન્નતા અનુભવતું લાગ્યું. હું એને પૂછું એ પહેલાં તો એ બોલ્યો, 'લે આ પથરો! બધા કામમાં ઉપયોગી થશે.''

દેવદત્તે પૂછ્યું, 'એ આ પથ્થર?'

'હા, હું એ વખતે એને જોવામાં જ મગ્ન હતી. આ પથ્થર બધા કામમાં કઈ રીતે આવશે એ પૂછી શકી નહોતી.'

દેવદત્તને હવે તો આ પથ્થર મેળવવો જ એવી તાલાવેલી લાગી. એ વધુ નમ્ર બન્યો. વાણીમાં નરમાશ અને વિવેક ઉમેરી તેણે કહ્યું, 'બહેન! હું બ્રાહ્મણ છું. આ પથ્થર મને આપશો તો હું એને પ્રભુની સાક્ષાત્ મૂર્તિ માની એની પૂજા કરીશ. તમારાથી વધુ સારી રીતે એને સાચવીશ. એનું ફળ તમને પણ મળશે.'

'એ સાચું પણ...'

'તમે કહેશો તે બદલામાં હું આપીશ.' દેવદત્તે તરત કહ્યું.

'મારી ઇચ્છા યાત્રાએ જવાની છે. યાત્રાનો ખર્ચ આપશો?'

'કેટલો?'

શાકવાળીએ જે રકમ કહી તે આપવાનું દેવદત્તે કબૂલ કર્યું. ઘેર આવી પત્નીને બધી વાત કરી. પત્ની ડાહી અને પતિપરાયણ હતી. સાથ આપનારી–ખરા અર્થમાં સાથીદાર હતી. કરકસરથી એકઠી કરેલી મૂડી તેણે પતિના હાથમાં મૂકી અને એ પથ્થરને ભક્તિપૂર્વક–શ્રદ્ધાપૂર્વક લઈ આવવા વિનંતી કરી.

દેવદત્ત એ પથ્થર લેવા ગયો ત્યારે બ્રાહ્મણીએ ઘરને સાફ કર્યું, આંગણું સાફ કર્યું, ગંગાજળ છાંટી બધું શુદ્ધ કર્યું. આંગણામાં રંગોળી પૂરી. બારણે તોરણ બાંધ્યાં. ઘીના દીવા કર્યા. સુવાસિત અગરબત્તીઓ સળગાવી. પથ્થર નહિ પણ પ્યારા પ્રભુની મૂર્તિ જ આવી રહી છે એ અડગ વિશ્વાસથી એ એનું સ્વાગત કરવા બારણે આવી ઊભી.

જે રસ્તા ઉપર એ નજર નોંધી રહી હતી એ રસ્તો એ જ હતો. આજુબાજુનાં મકાનો પણ એ જ હતાં. વૃક્ષોની ડોલતી, ઝૂલતી ડાળીઓ પણ એ જ હતી. પણ બ્રાહ્મણીની આંખનો રંગ આજે બદલાઈ ગયો હતો અને એ રંગ એના હૈયાના ઊંડાણમાંથી પ્રકટ થયો હતો. બ્રાહ્મણી આંખો જોઈ રહી હતી કે સૃષ્ટિ નવજીવન પામી છે. નવા ચેતનથી, નવા રૂપથી, નવા રસથી ખીલી ઊઠી છે. હર્ષનું સ્મિત બ્રાહ્મણીના ચહેરા પર ચર ચમકી રહ્યું અને એ ચમકની અસર નીચે હતા પણ સુગંધ પાથરી રહી.

બ્રાહ્મણી આજે એના જીવનની ખરી પળ, જીવવા જેવી પળ જીવી રહી હતી. ધન્યતા અનુભવી રહી હતી. પથ્થરને પ્રભુ માની એને સત્કારવા ઊભી હતી. પરમતત્ત્વથી વિખૂટા પડેલા અને ભવાટવીમાં ભટકતા જીવને માટે આથી વિશેષ વિરલ અને દુર્લભ પળ બીજી કઈ હોઈ શકે.

બ્રાહ્મણીએ દૂરથી પતિને આવતો જોયો અને એ ભાવાવેશમાં બોલી ઊઠી, 'પ્રભુ આવે છે.'

'તો એને સત્કારવા આગળ વધો ને!' બાજુમાંથી મીઠો, મધુરો ટહુકો થયો.

બ્રાહ્મણીએ એ તરફ જોયું તો એક કામણગારો છોકરો મરક મરક હસી રહ્યો હતો. આંખોમાં

ત્રિભુવન ડોલાવવાની મોહિની ભરીને ઊભો હતો. યુગયુગની આહ શાન્ત કરે એવી શીતળતા એના ચહેરા ઉપર હતી. એના લંબાવેલા હાથ નીચે જાણે શ્રેય હતું, કલ્યાણ હતું, સર્વસ્વ હતું.

દેવદત્ત હવે નજીક આવી રહ્યો હતો પણ દેવદત્તની પત્ની તો બાળકને જોતી અવાક્ ઊભી હતી. શાક વેચનારીએ જે બાળકની વાત કરી હતી તે આ બાળક હતો ? એ વિચારી રહી.

બાળક ભારે નટખટ હતો. આંખો નચાવતાં એ બોલ્યો, 'પ્રભુ આવે છે એને સત્કારવા આગળ વધો.'

'પણ તમે કોણ ?' બ્રાહ્મણીનું હૈયું પૂછી રહ્યું.

'તમે જુઓ છો એ !' કહી બાળક હસતો, કૂદતો, નાચતો જતો રહ્યો.

બ્રાહ્મણી એની પાછળ દોડી.

'દેવી આવ્યો છું.' દેવદત્તનો અવાજ સાંભળી બ્રાહ્મણી અટકી તો ખરી, પણ એની આંખો અહીં નહીં પેલા બાળકને ઢૂંઢી રહી હતી.

પત્નીને બહાવરી બનેલી જોઈ દેવદત્તે હસીને પૂછ્યું, 'શું ખોવાયું છે ?'

'ખોવાયું તો...' બ્રાહ્મણીના હાથની આંગળી તો હૈયા ઉપર હતી...'બીજું કાંઈ નહિ પણ પેલો બાળક અહીં હતો...'

'કયો ?'

'શાકવાળીએ કહ્યો હતો એ.'

દેવદત્તનો હર્ષ ઊભરાઈ ઊઠ્યો. 'તમે એને જોયો ? કેવો હતો ?'

બ્રાહ્મણીએ એને જોયો હતો. પણ એ કેવો હતો કહેવા એ મથી પણ વાણી મૌન રહી. સંસારના આદિકાળથી માંડી આજપર્યન્ત એનું રૂપ કોઈ પૂરી રીતે કહી શક્યું નથી. બ્રાહ્મણીની કઈ ગુંજાશ ! બ્રાહ્મણીની આંખો દેવદત્તની સામે હતી પણ એ બાળકની રૂપમાધુરીને યાદ કરી નિરખી રહી હતી. હૈયામાં તો સંવેદનભરી લાગણીઓ ઊછળી રહી હતી પણ એ વ્યક્ત કરી શકતી નહોતી.

'તેણે કાંઈ કહ્યું ?'

'હા, કહ્યું કે તારે ત્યાં પ્રભુ આવે છે, એને સત્કારો !'

'તો આ રહ્યા પ્રભુ !' દેવદત્તે પથ્થર બતાવ્યો. રૂપરંગ વગરનો માત્ર પથ્થર ! પણ દેવદત્તની જેમ બ્રાહ્મણીમાં પણ શ્રદ્ધા પ્રગટી ગઈ હતી. શ્રદ્ધાનું બળ અસર કરી રહ્યું હતું. બ્રાહ્મણીએ નજીક આવી ભક્તિભીના ભાવની પથ્થરને વંદન કર્યું અને માતા જશોદા જેમ નાના કનૈયાને ભાવથી ઊંચકે એમ તેણે પથ્થરને હાથમાં લીધો અને એ પતિની સાથે ઘરમાં પ્રવેશી. પૂજાખંડમાં જઈ એ પથ્થરને બાજઠ પર પધરાવ્યો. પૂજા કરી, આરતી કરી, ઓવારણાં લીધાં. જીવન ધન્ય થયું માન્યું.

'એ પથ્થર પાછો આપી આવો નહિ તો અનર્થ થશે.' એ ધમકી આ પતિપત્નીના અંતર સુધી પહોંચી નહિ. શ્રદ્ધાના મૂળ ઊંડાં હતાં અને એ મૂળ ભક્તિથી ભરેલા હૃદયમાં બરાબર ઊતરી જામી ગયાં હતાં.

પત્નીનો હાથ પકડી દેવદત્તે કહ્યું, 'એ હવે પથ્થર નથી પણ પ્રભુ છે. એને કેમ છોડું ?'

'છોડી શકાય જ નહિ' પત્નીએ દૃઢતાથી કહ્યું અને એ દૃઢતાનો રણકો રાત્રિની શાન્તિમાં ક્યાંય સુધી ગૂંજતો રહ્યો.

દેવદત્તને એ પછી ઊંઘ આવી નહિ. બારીની બહાર નજર કરી તો તારાઓનાં ઝૂમખાં પશ્ચિમે ઢળી રહ્યાં હતાં અને રાત્રિની શ્યામતા, ઉષા ઊગે પોતાને ભાગવું પડે તે પહેલાં, ધરતીને પૂરા હેતથી બાહુ ભીડી રહી હતી. ઠંડીનો ચમકારો એ આલિંગનને ગાઢ બનાવતો હતો.

દેવદત્ત ઊભો થઈ ગયો. એને લાગ્યું કે આ સમય જ સર્જકને યાદ કરવાનો છે. રાત્રિની પકડમાંથી છૂટયા પછી તો જીવ સૃષ્ટિને કોલાહલથી, ધમાલથી, રાગદ્વેષના એંઠવાડથી, અંગત વેરઝેરથી છલકાવી મૂકે છે. કોઈ વિરલા જ આ બધા વચ્ચે સ્થિતપ્રજ્ઞ રહી શકે છે. દેવદત્તે તારાસ્નાન કર્યું અને એ પૂજાઘરમાં આવી પ્રભુને આરાધવા બેસી ગયો. સ્વપ્નની વાત એના ચિત્ત ઉપરથી સરી પડી. વહાલસોયી શ્રદ્ધાળુ પત્નીનો એને સાથ પણ હતો ને!

પણ સિદ્ધિ એ રખડતી, રઝળતી વસ્તુ નથી કે એ જેવા તેવાના હાથમાં આસાનીથી આવે! એ તો સાધકના જીવને ચકાવે છે, રગદોળે છે, ભીંસે છે, મૂંઝવે છે, પાડે છે, પછાડે છે, તણખા ઝરે ત્યાં સુધી તપાવે છે. દેવદત્ત માટે આકરા કસોટીના દિવસો નજીક આવી રહ્યા હતા.

ત્રીજે દિવસે વળી દેવદત્તે સ્વપ્ન જોયું. ધીર, ગંભીર વાણી સાંભળી.

'દેવદત્ત! એ પથ્થર છોડી દે!'

'ના!' દેવદત્તે કહ્યું.

'તારી સુખી જિંદગીમાં ઉલ્કાપાત જાગશે.'

'ભલે!' દેવદત્તે હિંમતથી કહ્યું.

દેવદત્તના કાને ભયંકર અટ્ટહાસ્ય અથડાયું. એ જાગી ગયો. જોયું તો આખું શરીર તપી ઊઠયું હતું. લમણાની નસો ફાટફાટ થતી હતી. આજુબાજુ ભયજનક ઓળાઓ નાચી રહ્યા હતા. અને દૂર કોઈ ડાકલી વગાડતું હતું. દેવદત્ત ગભરાયો.

'દેવી! જાગો છો? આ બધું શું છે?'

પણ બ્રાહ્મણી પુત્રને પડખામાં લઈ નિરાંતે સૂતી હતી. એના ચહેરા ઉપર પરમ શાન્તિ હતી. પુત્ર પણ ઊંઘતો હતો. ઓરડામાં બધું બરાબર હતું. દેવદત્ત પોતાના જ હૈયાના જ ધબકારા સાંભળી રહ્યો. તે પાછો પથારીમાં પડયો. તેણે આંખો મીંચી અને હરિના નામને રટવા લાગ્યો. સંસારની સઘળી આધિઉપાધિઓને હઠાવવાનો એ એક જ કીમિયો હતો હરિ–સ્મરણ! જે હરિનું સ્મરણ કરે છે તે એને સહેજે પામે છે. દેવદત્ત ઊંઘની ગોદમાં ઢળી પડયો.

સવારે બ્રાહ્મણીની પ્રાણભેદી ચીસ સાંભળી દેવદત્ત જાગી ગયો. એ છલંગ મારી બ્રાહ્મણી પાસે આવ્યો.

'શું છે?' પુત્રીનું પ્રાણપંખી એના દેહપિંજરને છોડી ઊડી ગયું હતું અને પુત્રી અચેતન, જડ જેવી મડદું બની પથારીમાં પડી હતી. બ્રાહ્મણી ફાટી આંખે દીકરીની કાયા ઉપર હાથ ફેરવતી પૂછી રહી હતી.

'બેટા, જવાબ તો દે. તને શું થયું છે?'

દેવદત્તે દીકરીને તપાસી. એમાં પ્રાણ નહોતો. એ પત્નીની પડખે બેસી ગયો.

'ગઈ રાત્રે ફરી સ્વપ્નું આવ્યું હતું.' તેણે કહ્યું.

બ્રાહ્મણીના શ્રદ્ધાદીપ ઉપર જાણે જોરથી પવન ફૂંકાયો.

'હરિએ શું ધાર્યું હશે?' દેવદત્ત બબડયો.

પણ હરિના નામસ્મરણે બ્રાહ્મણીના ડગમગતા શ્રદ્ધાના દીવડા ઉપર કોઈએ ઢાલ ધરી. એ સ્વસ્થ બની ગઈ. અંતરની તાકાત એના ચહેરા ઉપર આવી અને એની ગ્લાનિ હઠી ગઈ.

'દીકરીની આખરી ક્રિયા કરો!'

બ્રાહ્મણીનું પરિવર્તન જોઈ દેવદત્ત પણ સ્વસ્થ થયો. કઠણ બન્યો. મૃત દીકરીને સ્મશાને લઈ ગયો. છેલ્લી વિધિ કરી પાછો ફર્યો. સ્નાન કરી એ સીધો પૂજા કરવા બેસી ગયો.

ચાર દિવસ પછી એક સવારે રમતાં રમતાં છોકરાએ ગુલાંટ ખાધી અને એની ડોકી નમી ગઈ.

'આને વળી શું થયું ?' કહેતાં પતિપત્ની બહાર દોડયા. પુત્રને ઊંચકી ખોળામાં લીધો. એમાં જીવ નહોતો. બન્નેનું હૈયું હાથ રહ્યું નહિ. આંસુની ધારા નીચે દીકરાનો મૃતદેહ ભીંજાવા લાગ્યો. ડૂસકાં સાંભળી આજુબાજુમાંથી માણસો દોડી આવ્યાં. પરિસ્થિતિ જાણી બધાં કકળી ઊઠયાં.

'તમારા ઉપર તો કોઈ કોપ ઊતરી આવ્યો લાગે છે!'

અને લોકવાણીને સમર્થન આપતું પેલું ભયંકર અટ્ટહાસ્ય ફરીથી દેવદત્તે સાંભળ્યું. બ્રાહ્મણીના હૈયા ઉપર પણ કોઈએ જોરથી હથોડો માર્યો. એ મૂઢ બની બેસી રહી.

પેટનાં જણ્યાં દીકરો અને દીકરી અકાળે ઓચિંતાં જતાં રહે એ ઘા જીરવવો માવતરને માટે સહેલો નથી. ઘડીભર તો જગતમાં બધે સૂમસામ લાગે છે. શૂન્યતા સિવાય કંઈ દેખાતું નથી. અંતરમાં કાળી, અકથ્ય વેદના એવી તો ઘુમરીએ ચડે છે કે જાણે પ્રાણ કટકે કટકે કપાતો લાગે છે, માવતરની આહ અને એની અરેરાટી ઠાલવવા જગત એ વખતે સાંકડું લાગે!

દીકરાને અગ્નિદાહ આપી દેવદત્ત ઘેર આવ્યો ત્યારે એ નિષ્પ્રાણ જણાતો હતો. આઘાતથી અવાક્ બની ગયો હતો. આપત્તિ સહેવાની વાત કરવી અને આપત્તિ આવે ત્યારે સહેવી એ વચ્ચે ઘણું અંતર છે. સહન કરવાનું આવ્યું નથી ત્યાં સુધી સહન કરવા કેટલું મજબૂત મન જોઈએ એની કલ્પના થઈ શકતી નથી. દેવદત્તે પત્ની સામે જોયું. પત્નીએ પતિ સામે જોયું. નિરાશા, હતાશાની છાયા એકબીજાની આંખોમાં બન્ને જોઈ રહ્યાં. ઘરની ભયંકર એકલતા એ બન્ને નજરો વચ્ચે જાણે કાંટા ભોંકી રહી. બ્રાહ્મણીએ આંખો ઉપર પોતાના હાથ ઢાંકી દીધા અને પતિના પગમાં ઢગલો થઈ પડી. વાછરું જતાં જેમ ગાય ભાંભરડે એમ એ હૈયાના બંધ ખુલ્લા મૂકી આક્રંદ કરવા લાગી. દેવદત્તનું પુરુષ હૈયું સ્થિર રહી શકયું નહિ. એ પણ રડી રહ્યો. પત્નીનું રુદન માઝા મૂકતું જોઈ એ માંડ બોલી શકયો, 'દેવી! તમે તો મારામાં શ્રદ્ધાદીપ પ્રકટાવ્યો છે.'

બ્રાહ્મણી સ્ત્રી હતી, મા હતી. એ સફાળી ઊઠી. પૂજાઘરમાં દોડી ગઈ. દેવદત્ત એને પકડે, રોકે તે પહેલાં તો એણે ભગવાનના બાજઠ ઉપર જોરથી માથું પછાડયું.

'શ્રદ્ધાની કિંમત તેં આટલી આકરી રાખી છે દેવ?'

દેવદત્તે આણેલો પથ્થર બાજઠ ઉપર પથ્થરની જેમ જ પડયો હતો. બ્રાહ્મણીના આક્રંદની, આરઝુની એના ઉપર કોઈ અસર થઈ નહિ.

'જવાબ તો આપો!' બ્રાહ્મણી ફરીથી પૂછી રહી.

'જવાબ તો તમારા અંતરમાંથી મળશે, દેવી!'

બ્રાહ્મણ વિદ્વાન હતો. અણીના સમયે એની વર્ષોની પ્રભુસાધના મદદે આવી. એ સ્વસ્થ બન્યો અને વ્યાકુળ બનેલી પત્નીને સંબોધી કહેવા લાગ્યો, 'પ્રભુની પ્રાપ્તિ માત્ર બે બાળકોના ભોગ આપ્યે થોડી મળશે? જન્મજન્માન્તરોનાં કાર્યો આપણી અને પ્રભુ વચ્ચે વિરાટ બનીને ઊભાં છે. એ કર્મોનો ક્ષય કરવા આપણાં બાળકો માત્ર નહિ, આપણા લોહીનું એક એક ટીપું હસતા મુખે આપવું પડે અને સર્વસ્વ આપવા છતાં ફળ મળો કે ન મળો એ ભાવના હોય ત્યારે શ્યામસુંદરની ઝાંખી થાય અને દેવી! તમે એ જાણો છો, સમજો છો, છતાં ઢીલાં થશો તો હું કેમ ટકી શકીશ?'

પતિના શબ્દો સાંત્વન આપે તેવા હતા, પણ બ્રાહ્મણીની આંખો તો પોતાનાં બાળકોનાં મુખડાં જોવા બેચેન હતી. પતિએ ગદ્ગદિત થઈ કહ્યું: 'માનવ માત્ર નાશવંત છે. જે જન્મે છે તે મરે છે. એનો શોક ન હોય! જે અજર છે, અમર છે, સર્વત્ર છે, સર્વવ્યાપી છે, અહીં છે, તહીં છે, આ પથ્થરમાં પણ છે એને ભૂલો નહિ, દેવી! એ આખરી ધ્યેય છે.'

બ્રાહ્મણીની આંખોમાંથી આંસુ ટપકતાં બંધ થયાં. એનો શ્વાસોચ્છ્વાસ સરળ બન્યો. એનું શરીર ટટ્ટાર થયું. એના હાથ ઊંચા થયા. જોડેલા હાથ ઉપર માથું ઢાળી, આંખો મીંચી એ પ્રાર્થી રહી! 'હું તારે શરણે જ છું, હે અખિલ બ્રહ્માંડના નિયામક! મારી શક્તિ-અશક્તિ, મારી ઇચ્છા-આસક્તિ, મારી ઊર્મિઓ-લાગણીઓ આપના ચરણે મૂકું છું.'

દેવદત્તે પ્રેમથી એના ખભા ઉપર હાથ મૂકયો બ્રાહ્મણી હવે હરિનામ રટવા લાગી. દેવદત્તે પણ બ્રાહ્મણીને સાથ આપ્યો. બન્નેએ મોડી રાત સુધી હરિનામની હેલી વરસાવી અને છેવટે ત્યાં જ ઊંઘી ગયાં.

બાળકો વગરનું ઘર બીજી પ્રભાતે દંપતીને ખાવા ધાતું હતું. હરિના સ્મરણે એમનામાં હિંમત તો આવી હતી, પણ બાળકોના વિયોગનો ઘા ઊંડે ઊંડે એવી તો વેદના આપતો હતો કે કામ કરતા હાથ થંભી જતા હતા. અંગમાં શિથિલતા આવી જતી હતી અને બેચેનીનો પાર રહેતો નહિ.

ઘા તો બન્નેને સરખો લાગ્યો હતો પણ બ્રાહ્મણી ઉપર ઊંડી અસર થઈ હતી. એના ચહેરા ઉપરની કાન્તિ ઊડી ગઈ હતી. આંખો ઊંડી ઊતરી ગઈ હતી. એનો અવાજ બદલાઈ ગયો હતો. માંડ ડગ ભરી શકાતી હતી. દેવદત્ત જોઈ શક્યો કે બ્રાહ્મણી ધીમે ધીમે પણ મક્કમતાથી મૃત્યુ ભણી જઈ રહી છે.

અને બ્રાહ્મણીએ પણ એક દિવસ દેહ છોડયો. દેહ છોડતાં પહેલાં તેણે પથ્થર સામે જોયું. ભક્તિ-ભાવે મૂક વંદના કરી અને પતિને એ પથ્થર ન છોડવાની સંજ્ઞા કરતી એ સદાને માટે ચાલી નીકળી. દેવદત્તે પત્નીના મૃતદેહ પાસે બેસીને હરિને યાદ કર્યા, નામ-સ્તવનની ધૂન મચાવી અને પાગલ થવાની પળ વટાવી ગયો.

તે રાત્રે તેણે ફરીથી કાળવાણી સાંભળી, 'હજી સમજીને એ પથ્થર છોડી દે! હવે તું એક જ રહ્યો છે. તારા ઉપર પણ મોત ભમી રહ્યું છે.'

દુઃખથી રીઢા બનેલા દેવદત્તે કહ્યું, 'હું પણ મારાં બાળકો-પત્ની જે માર્ગે ગયાં તે માર્ગે જઈશ, ખુશીથી જઈશ પણ જેને અમે દેવ માની રાખ્યા છે તેને-પથ્થરને નહિ છોડું.'

'તારા ઉપર વીજળી પડશે અને તું ઘડીમાં હતો નહોતો થઈ જઈશ.'

'જેવી પ્રભુ-ઇચ્છા!' દેવદત્તે જવાબ આપ્યો.

બીજા દિવસે દેવદત્ત સ્નાન કરવા નદીએ જવા લાગ્યો ત્યારે આકાશમાં વાદળો ઘેરાવા લાગ્યાં હતાં, વીજ ચમકવા માંડી હતી અને હાથીના ગંડસ્થળ ફાડી નાખે એવી ગર્જના આકાશમાં થતી હતી. દેવદત્તને લાગ્યું કે હવે મૃત્યુ દૂર નથી. તેણે પૂજાઘરમાં જઈ પથ્થરને ઉપાડયો. તેને મસ્તક ઉપર મૂકી ફરતી પાઘડી બાંધી લીધી.

'મરવાનું નક્કી છે તો પ્રભુને પાસે રાખી કેમ ન મરું?' તેણે વિચાર્યું.

નદીના માર્ગે જતાં મેઘ ખાંગો થઈ વરસવા લાગ્યો. વીજળીના ચમકારાથી ધરતી પ્રકાશવા લાગી. પ્રભુની લીલાને નમસ્કાર કરતો અને પ્રભુનું નામ રટતો એ વૃક્ષ નીચે ઊભો રહી ચારે તરફ જોવા લાગ્યો. આગળ વધવું અશકય હતું. બધી બાજુ પાણી છલકાવા માંડયું હતું. નદીએ જવાનો કોઈ અર્થ રહ્યો નહોતો. વરસાદનાં પાણીથી એ તરબોળ થઈ ગયો હતો.

ઘેર પાછા ફરવા તે વિચારતો હતો એ જ વખતે આંખો પ્રકાશથી અંજાઈ ગઈ. બાજુના વૃક્ષ ઉપર વીજળી ત્રાટકી હતી. તોતિંગ વૃક્ષમાં ઊભી ચિરાડ પડી અને વૃક્ષ કાળું ભઠ્ઠ બની ઢળી પડયું. વીજળીની ભયંકરતા દેવદત્તે નજરોનજર જોઈ. એને જીવનનો મોહ રહ્યો નહોતો. મન કઠણ કરી, વીજળી તાંડવ ખેલી રહી હતી એ જ દિશા ભણી એ જવા લાગ્યો. એ મરણિયો બન્યો હતો.



[ આધ્યાત્મિક, કેડી, એપ્રિલ, '૮૮

એને નજીક આવતો જોઈ વીજળી દૂર દૂર નાસવા લાગી. દેવદત્તને આશ્ચર્ય થયું. વાદળાં વિખરાવા લાગ્યાં. વરસાદની ધારા ધીમી પડી. આ પ્રલયે કેમ ઓચિંતી ચાલ બદલી ? એ સમજી શક્યો નહિ.

થોડાં ડગલાં આગળ ચાલ્યો અને એને કાને કોઈ નો મધુર અવાજ સંભળાયો, 'પંડિતજી, થાક્યા નથી ? આવો, અહીં બેસો.'

વૃક્ષના થડને ફરતા એક ઓટલા ઉપર બે જુવાનો બેઠા હતા અને પંડિતજીને હેતથી પોતાની પાસે બોલાવી રહ્યા હતા.

દેવદત્ત એ જુવાનો પાસે પહોંચ્યો. વૃક્ષની છાયા એ જુવાનો ઉપર છત્રની જેમ ઢળી રહી હતી. પક્ષીઓ કલરવ કરતાં હતાં. અને મીઠી મંદ સુગંધ આજુબાજુ પ્રસરી રહી હતી.

'પંડિતજી ! આ વરસતા વરસાદમાં ક્યાં ઉપડ્યા ?'

'ધાર્યું હતું તો નદીએ જવાનું, પણ અણધાર્યો વરસાદ પડ્યો. વીજળી પણ ભારે ચમકી !'

'થાક્યા હશો ! બેસો !' ઘનશ્યામ વર્ણના એક જુવાને પંડિતનો હાથ પકડી તેમને ઓટલા ઉપર બેસાડ્યા. પંડિતને રોમાંચ થયો. એનું આખું શરીર ફૂલ જેવું હળવું બની ગયું અને ચેતનાનો પ્રવાહ નખશીખ ફરી વળ્યો.

'કપડાં તો સાવ ભીનાં થઈ ગયાં છે. પાઘડીમાંથી પાણી ટપકે છે. આ ડાળી ઉપર પાઘડી પહોળી કરી સૂકવો.' સાથેના ગોરા જુવાને કહ્યું.

દેવદત્તને યાદ આવ્યું. તેણે પાઘડીમાં પથ્થર બાંધ્યો હતો. 'ઘેર જઈ કપડાં બદલીશ. હમણાં તો જરા વિસામો લઉં !'

'અરે એમ તે હોય !' ઘનશ્યામે એની પાઘડી ખેંચી, 'પાઘડી પાણીથી ભરી છે. હું એને નિચોવી દઉં.'

દેવદત્ત પોતાની પાઘડીને પકડી રાખે તે પહેલાં તો તે જુવાને પાઘડી ઉતારી લીધી અને પથ્થર નીચે પડ્યો. દેવદત્તે તરત નીચા નમી એ પથ્થર ઉપાડી લીધો અને છાતીસરસો ચાંપ્યો.

'એ શું છે ?' બન્ને બોલ્યા

'પ્રભુ !' દેવદત્ત બોલ્યો.

સાંભળીને બન્ને જુવાનો ખડખડાટ હસી પડ્યા.

'આ પથ્થર, પ્રભુ ?'

'હા.'

'તમે સાનભાન ગુમાવી છે ?'

'એમ માનો તો ય મારો વિરોધ નથી. હું એને પ્રભુ માનું છું. એ મારા ઈશ્વર છે !'

'પણ ઈશ્વરને પાઘડીમાં વીંટ્યા ?'

'હા. છાતીમાં જગ્યા હોત તો એમાં પધરાવતાં પણ મને સંકોચ થાત નહિ.'

'એમ ? બતાવો તો ખરા તમારા ભગવાન કેવા છે.'

દેવદત્તે નમ્રતાપૂર્વક કહ્યું, 'મારા ભગવાન મને પ્રાણથી વધુ પ્રિય છે હું અને છોડી શકું તેમ નથી. તમે દેખાવે તો સજ્જન લાગો છો, પણ હું અજાણ્યાનો કેમ ભરોસો કરું ! તમે આ પંથકના વાસી હો એ પ્રતીતિ થતી નથી. તમે કોણ છો, ક્યાંના છો એ તો કહો.'

'અમે અહીં નજીકમાં જ રહીએ છીએ. તમે અમારી સાથે આવશો ? અમારો પરિચય ત્યાં તમને થઈ જશે.'

'મારા પ્રભુને છીનવી નહિ લ્યો ને ?' દેવદત્ત હજીયે પથ્થરને હૈયાસરસો ચાંપી રહ્યો હતો.

જુવાનો હસી રહ્યા. એમના ખોળામાં માથું મૂકવાનું મન થાય એવું નિર્દોષ એમનું હાસ્ય હતું અને એમની આંખોમાંથી કરુણા ઝરી રહી હતી.

દેવદત્ત એમની સાથે ચાલ્યો. પોતાને ઘેર તો હવે કોઈ નહોતું એથી ઘરની કોઈ ચિંતા નહોતી. આ જુવાનોનું આકર્ષણ પણ ભારે હતું. દેવદત્તે ફરીથી પથ્થરને માથા ઉપર વીંટી લીધો અને શામળા જુવાનનો હાથ પકડી એ આગળ વધવા માંડયો.

તે જુવાનો સાથે દેવદત્તે થોડીવારમાં એક વાટિકા પાસે આવી પહોંચ્યો વિવિધ રંગબેરંગી પુષ્પોથી સુશોભિત એ વાટિકામાં પગ મૂકયો કે દેવદત્ત જાણે ભાન ભૂલ્યો. મયૂરો નૃત્ય કરતા હતા. પંખીઓ સૂરીલાં ગાન ગાવામાં એકતાન બન્યાં હતાં. માતાને કંઠે બાળકો વળગ્યાં હોય તેમ નાની વેલીઓ રમ્ય આવાસની બારીઓ ઉપર ઝૂલતી હતી. ચારે તરફથી ખુશ્બો છૂટી રહી હતી.

'તમે અહીં રહો છો ?' દેવદત્તે મુગ્ધ બની પૂછ્યું.

'અંદર તો આવો !' જુવાનોએ તેને અંદર ખેંચ્યો.

દેવદત્તે અંદરના ખંડમાં પગ મૂકયો અને દૃષ્ટિ કરી તો એ આભો બની ગયો. સ્વચ્છ શ્વેત આરસની ફરસબંધી ઉપર રત્નજડિત સિંહાસન સામે જ ઝળાંહળાં થઈ રહ્યું હતું. અર્ધચંદ્રાકારે દીપમાળા પ્રકાશી રહી હતી. સિંહાસન ખાલી હતું.

'આ કોનું સિંહાસન ?' દેવદત્તે પૂછ્યું.

પણ કોણ જવાબ આપે ? બન્ને જુવાનો અદૃશ્ય થઈ ગયા હતા. એ ચકિત થઈ ક્ષણભર થંભી ગયો પણ સિંહાસનની અદ્ભુત શોભા એને નજીક ખેંચી રહી. એ સિંહાસન પાસે આવી ઊભો. સિંહાસનને ધારીને જોયું દીપમાળાને પ્રકાશતી જોઈ ખંડમાં દૃષ્ટિ કરી તો કોઈ નહોતું. ઓચિંતો એને વિચાર સ્ફુર્યો. પાઘડીમાં સાચવીને રાખેલો પેલો પથ્થર તેણે હાથમાં લીધો અને સિંહાસન ઉપર જ એને પધરાવવા એ આગળ વધ્યો. તેણે એ પથ્થરને જ પરમેશ્વર માન્યા હતા અને એ સિંહાસન ઉપર જ શોભે ! શ્રદ્ધાજળથી એને ભીંજવતો એ સિંહાસન પાસે ગયો અને એ પથ્થરને સિંહાસન પર મૂકી નતમસ્તકે વંદી રહ્યો. આંખો મીંચી ગદ્‌ગદ કંઠે એ પ્રાર્થના કરવા લાગ્યો : 'હે દયાઘન ! તું જ મારું સર્વસ્વ છે અને હું તારે શરણે છું તારા ચરણકમળના દર્શનની મને પ્યાસ છે અને એ પ્યાસ તારા સિવાય કોણ સંતોષશે ?'

પ્રાર્થના પૂરી કરી દેવદત્તે ધીમેથી આંખો ખોલી તો સિંહાસન ઉપર એનો પથ્થર નહોતો પણ સાક્ષાત્ લક્ષ્મીનારાયણ મંદ મંદ હસી રહ્યા હતા.

'પ્રભુ ! આપ ?' એ માંડ બોલી શકયો. પ્રભુની રૂપમાધુરીનું અમૃતપાન કરતાં એ દેહભાન ભૂલવા લાગ્યો. દેવદત્ત ખરેખર ભાન ભૂલ્યો. લાકડી પડે તેમ એ પ્રભુના ચરણમાં પડયો અને પ્રભુની અપાર કરુણા એના ઉપર વરસી રહી.

શ્રદ્ધાનો વિજય થયો હતો.

□

# મંગળાષ્ટક

## મિતા – વિજય પરિણયે

વાંકી સૂંઢ ધરી તમે પ્રણવને, અર્પી પરિપૂર્ણતા,
હાથે મોદકને ધરી પ્રભુ વળી, સીંચી સુધા સૃષ્ટિમાં,
ઊજાળે જગને રવિ પ્રથમ સૌ તારી લઈ લાલિમા,
તેવા હે ગણનાથ; નાથ જગના દેજો સદા મંગલમ્.... ૧

ભક્તિ છે ધ્રુવ જેમની, જગપતિ જોઈ રહે એ ઘડી,
માતા ગાયત્રી ધરે ઘડી ઘડી ઉરે શ્રી શાસ્ત્રી કહી.
ભીના ભાવવિભોર થૈ ખીલી રહ્યાં ઉદ્યાન મા–બાળનાં,
તેવા હે ગુરુદેવ ! વંદ્ય જગના દેજો સદા મંગલમ્....૨

આજે મંડપ છે કંઇ રસભર્યો રસલ્હાણુ લેવા ઘડી,
માતા વેદ તણી તને વિનવવા આજે છે મંગળ ઘડી,
મિતા છે તુજ બાળ એ કહું તને વાતો શું હર ઘડી,
પાડે છે પ્રભુતા–પથે પગલીઓ દેજો સદા મંગલમ્.... ૩

'દવે' કુળ દીપી રહ્યું રવિ સમું, દામોદરી સભ્યતા,
'બાપુલાલ' પિતામહ દઈ રહ્યા, આશિષ આકાશથી,
મિતા મિત વિભૂષિતા કર ગ્રહી પન્થે વિજયને વરો.
સાધી પુરુષાર્થ ચાર જગમાં સાધો સદા મંગલમ્... ૪

ખીલી પાંદડીઓ કુસુમ–ઉરની આશિષ પમરાવતી
કૈલાસે કરને ધરી ધ્રુવ ધર્યું અખંડ સૌભાગ્ય સૌ
આઠે અંગ પ્રસન્ન–બા શુભ ઘડી આજે જે આવી મળી
રીઝી તાત નરેન્દ્ર ઇન્દ્ર સરખા વાંછે સદા મંગલમ્.... ૫

'અદ્વૈત–ઉર' સ્થાપજો વદી રહ્યાં યોગેશ ને ભાવના
પિન્કુ પાય પડે વિભુપદ પ્રતિ–' બહેની ! સદા મંગલમ્'
હૈયે હેત સમાય ના ! હર ઘડી તારા–રમા બેલડી
લાગી પાય વિભુપદે લળી લળી વાંછે સદા મંગલમ્.... ૬

સોમેશ્વર કુળ ચન્દ્રકાન્ત ગરવા રીઝયા રૂડા મંડપે,
મિતા–વિજય યોગક્ષેમ વહેવા માતા જ હંસા વદ્યાં,
લક્ષ્મી તું ઘરની બની નિજ ગૃહે, ગ્રાહસ્થ્ય ઊજાળજે;
આપી આશિષ આમ આ યુગલનું સાધે સદા મંગલમ્... ૭

ઊગ્યો બાળ રવિ કપાળ પર તે તપી સદાય રહો
હસતું જે અંબોડલે ફૂલ કશું હસી સદા ય રહો
સેવા સૂત્ર પિતા તણું ઉર મથી નવનીત નીતારતાં
સંસારે ડગ માંડી આર્ય દુહિતા સાધો સદા મંગલમ્.... ૮

અમદાવાદ, ૨૫–૧–'૮૮

— સતીષ ભટ્ટ

# પૂજ્ય ગુરુદેવનો અમેરિકાનો કાર્યયજ્ઞ

[ તા. ૧-૫-૮૮ થી તા. ૨૯-૫-૮૮ ]

| તારીખ | વાર | સમય | કાર્યક્રમનું સ્થળ | આયોજકો | ટેલીફોન |
|---|---|---|---|---|---|
| ૧-૫-૮૮ | રવિવાર | સવારે | મુંબઈથી લંડન | — | — |
| ૨-૫-૮૮ | સોમવાર | — | લંડનથી ન્યુયોર્ક | — | — |
| ૩-૫-૮૮ | મંગળવાર | ૫-૮ સાંજે | ફ્લશીંગ-ન્યુયોર્ક | શાન્તુભાઈ નાયક | ૭૩૮-૯૬૧-૨૩૫૧ |
| ૪-૫-૮૮ | બુધવાર | ૫-૭ | લોંગ આઈલેન્ડ સીટી (સનીસાઈડ)-ન્યુયોર્ક | દિનેશભાઈ કાયસ્થ | ૭૧૮-૯૩૭-૫૪૮૭ |
| ,, | ,, | ૭-૯ | સનીસાઈડ-ન્યુયોર્ક | મહેશભાઈ પટેલ-ભાવનાબેન | ૭૧૮-૫૦૭-૭૦૮૦ |
| ૫-૫-૮૮ | ગુરૂવાર | ૪-૮ | ઈલ્કગ્રોવ વિલેજ-ઈલીનોઈઝ | કાન્તીલાલ પટેલ | ૩૧૨-૯૮૦-૯૬૦૧ |
| ૬-૫-૮૮ | શુક્રવાર | ૪-૮ | ,, | ,, | ,, |
| ૭-૫-૮૮ | શનિવાર | ૪-૮ | ,, | ,, | ,, |
| ૮-૫-૮૮ | રવિવાર | ૩-૮ | ટોરન્ટો, કેનેડા | ધનસુખભાઈ ખત્રી | ૪૧૬-૭૮૨-૭૯૮૪ |
| ૯-૫-૮૮ | સોમવાર | ૪-૮ | ,, | ,, | ,, |
| ૧૦-૫-૮૮ | મંગળવાર | ૪-૮ | મીસીસાગા, કેનેડા | કલ્યાણજીભાઈ મિસ્ત્રી | ૪૧૬-૬૨૫-૬૭૮૭ |
| ૧૧-૫-૮૮ | બુધવાર | ૬-૮ | ગ્રીન્સબોરો, નોર્થકેરોલીના | કસુબેન-મણીભાઈ પટેલ | ૯૧૯-૮૫૫-૬૯૩૪ |
| ૧૨-૫-૮૮ | ગુરૂવાર | ૬-૮ | યુનિયનસીટી, ન્યુજર્સી | રતિભાઈ મિસ્ત્રી | ૨૦૧-૮૬૫-૭૨૮૨ |
| ૧૩-૫-૮૮ | શુક્રવાર | ૬-૮ | લિવિંગ્સ્ટન, ,, | મહેશભાઈ દેસાઈ | ૨૦૧-૯૯૪-૯૬૮૧ |
| ૧૪-૫-૮૮ | શનિવાર | ૧૦-૧ | ઓરેન્જ, કનેકટીકટ | ડૉ. રમેશભાઈ સીંગાલ | ૨૦૩-૭૯૫-૬૫૬૨ |
| ,, | ,, | ૨-૩ | બ્રીજપોર્ટ, ,, | સૂર્યકાન્ત મિસ્ત્રી | ૨૦૩-૩૬૭-૩૪૯૧ |
| ,, | ,, | ૫-૬ | ડેનબરી, ,, | મયંકભાઈ ગાંધી | ૨૦૩-૭૯૨-૮૪૨૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫-૫-૮૮ | રવિવાર | ૨-૪ | પીસ્કાટવે ન્યુજર્સી | કલ્પનાબેન પટેલ | ૨૦૧-૯૮૫-૫૫૪૬ |
| ,, | ,, | ૭-૮ | એડીસન, ,, | દિલીપભાઈ શાહ | ૨૦૧-૨૮૭-૬૬૨૩ |
| ૧૬-૫-૮૮ | સોમવાર | ૬-૮ | યુનીયનસીટી, ,, | કાન્તીલાલ પટેલ | ૨૦૧-૮૬૪-૩૭૬૪ |
| ૧૭-૫-૮૮ | મંગળવાર | ૬-૮ | રૉકવે, ,, | પુષ્પાબેન પટેલ | ૨૦૧-૩૬૧-૬૬૪૫ |
| ૧૮-૫-૮૮ | બુધવાર | ૬-૮ | કલીફ્ટન, ,, | ડૉ. પ્રકાશભાઈ વ્યાસ | ૨૦૧-૭૭૩-૪૯૧૪ |
| ૧૯-૫-૮૮ | ગુરૂવાર | ૬-૮ | હોબોકન, ,, | ડૉ. સુભાષભાઈ પટેલ | ૨૦૧-૯૬૩-૧૮૬૫ |
| ૨૦-૫-૮૮ | શુક્રવાર | ૪-૭ | રૂધરફોર્ડ, ,, | ધીરૂભાઈ પટેલ | ૨૦૧-૮૯૬-૧૦૫૮ |
| ,, | ,, | ૮-૯ | નેવાર્ક, ,, | કાન્તીભાઈ પટેલ | ૨૦૧-૪૮૪-૮૪૫૪ |
| ૨૧-૫-૮૮ | શનિવાર | ૧૦-૧૧ | સ્ક્રેન્ટન, પેનસિલવેનીયા | ડૉ. અમૃતભાઈ પટેલ | ૭૧૭-૩૪૩-૬૯૭૯ |
| ,, | ,, | ૩-૪ | રીડીંગ, ,, | ડૉ. કિર્તીભાઈ-નીરૂબેન કાપડીયા | ૨૧૫-૭૭૯-૯૩૨૪ |
| ,, | ,, | ૬-૭ | એનસેલમ, ,, | હરીભાઈ શાહ | ૨૧૫-૨૪૫-૬૯૩૩ |
| ૨૨-૫-૮૮ | રવિવાર | ૧૦-૨ સવારે | હેમીલ્ટન સ્કેવર, ન્યુજર્સી | દલસુખભાઈ ચૌધરી | ૬૦૯-૫૮૬-૭૧૧૭ |
| ,, | ,, | ૪-૬ | વેદમંદિર-ઇસ્ટબ્રુન્સવીક ન્યુજર્સી ગાયત્રી યજ્ઞ તથા જીવનજળ | જસવંતભાઈ મહાદેવિયા<br>અરૂણભાઈ ત્રિવેદી | ૨ ૧-૨૫૧-૧૦૪૯<br>૨૦૧-૮૨૧-૦૪૦૪ |
| ,, | ,, | ૭-૮ | યુનીયન, ન્યુજર્સી | જયશ્રી દેવેન પટેલ | ૨૦૧-૬-૬-૫૮૫૩ |
| ૨૩-૫-૮૮ | સોમવાર | ૬-૮ | જર્સીસીટી, ,, | પ્રવિણભાઈ ડૉક્ટર | ૨૦૧-૪૫૧-૪૭૦૩ |
| ૨૪-૫-૮૮ | મંગળવાર | ૬-૮ | એડિસન, ,, | અશ્વિનભાઈ ભગત | ૨૦૧-૭૬૯-૯૦૫૩ |
| ૨૫-૫-૮૮ | બુધવાર | ૧૨-૮ બપોરે | યુનિયનસીટી, ,, | રતિલાલ મિસ્ત્રી | ૨૦૧-૮૬૫-૭૨૮૨ |
| ૨૬-૫-૮૮ | ગુરૂવાર | સાંજે | ન્યુયોર્કથી લંડન | — | |
| ૨૭-૫-૮૮ | શુક્રવાર | સવારે | લંડન | — | — |
| ૨૮-૫-૮૮ | શનિવાર | સાંજના | લંડનથી મુંબઈ | — | — |
| ૨૯-૫-૮૮ | રવિવાર | | મુંબઈથી અમદાવાદ | — | — |

□

# સમાચાર

* તા. ૧-૫-'૮૮ થી તા. ૩૧-૫-'૮૮ સુધી પૂજ્ય ગુરુદેવનો અમેરિકાનો કાર્યયજ્ઞ હોઈ નિલોષા પર મળી શકશે નહિ.

* અમેરિકાના પૂજ્યશ્રીના કાર્યયજ્ઞની વધુ વિગત માટે દર્શાવેલ ફોન પર સંપર્ક સાધવો: શ્રી પ્રવિણભાઈ ઠાકોર, ન્યુ જર્સી. ફોન નંબર : ૨૦૧-૪૫૧-૪૭૦૩

* તા. ૧૬-૫-'૮૮ થી તા. ૧૪-૬-'૮૮ સુધી અધિક જ્યેષ્ઠ માસ છે. અનુષ્ઠાન કરવા ઇચ્છતા ભાઈબહેનોને પૂજ્યશ્રીના આશીર્વાદ.

□


શુભેચ્છા સહિત :

ઘર : ૩૬૫૦૫
ફેકટરી : ૪૨૧૫૪

ડૉ. જયંત વાડીલાલ ગીલીટવાલા

હરેક જાતનો જરી કસબ ગીલીટ કરનાર



ડોકટર જયંત ફેબ્રીકસ

હેવી ડ્રેસ મટીરીયલ્સ પોલીસ્ટર

: ફેકટરી :
પ્લોટ નં. ૧૩/૧, ખટોદરા
ઉધના રોડ, સૂરત

: રહેઠાણ :
૯/૫૬૮ કોટસફીલ રોડ,
સુરત-૧

પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ

**M. N. CHAMPANERIA**
B. E. Civil (HONS), A. M. I. E. (INDIA)

# JANAK ENTERPRISE

1/29, NAVJIVAN CO-OPERATIVE HOUSING SOCIETY,
LAMINGTON ROAD, BOMBAY-400 008

મા ગાયત્રીની કૃપા અને પૂ. શાસ્ત્રીજીના આશિષ અમ સૌ પર અવિરતપણે વરસતા રહો એવી અભ્યર્થના સહિત

# NARENDRA PROCESSING INDUSTRIES

Tele. : Factory : 41177 * Resi. : C/o 42689

33-1, Plot No. 1, Behind Sub-Jail, Khatodra,
SURAT - 395 002

શ્રી ગાયત્રી માતાજીની કૃપા અને પૂજ્ય ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના

**—: શ્રી અંબિકા સોપ ફેકટરી અને ટી ડેપો :—**

**—: શ્રી અંબિકા કેમીકલ ઇન્ડસ્ટ્રીઝ :—**

**—: શ્રી જય અંબે સોપ એન્ડ ટી સેન્ટર (રીટેઈલ વિભાગ) :—**

૪/૧૩૩, હરિપરા પીરછડી રોડ, અંબિકાસદન, સુરત-૩

"ડીટરજન્ટ સાબુ તથા વોશીંગ પાવડરના ઉત્પાદક"

મા ગાયત્રીની કૃપા અને

પૂ. ગુરુદેવના આશિષ હરહંમેશ

વરસતા રહો એવી નમ્ર વિનંતિ સહ

**જમનાદાસ નાગરદાસ મોદી**

જનરલ મરચન્ટ

**'ભગવતી'**

ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫ (ડિ. વલસાડ)



☐ જય ગુરુદેવ — જય ગાયત્રી માતા ☐

☐

**રમેશભાઈ ડોકટર સિલ્ક મિલ્સ**

અટોદરા — સૂરત — ટે. નં. ૪૨૧૫૪



ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈપણ વ્યક્તિ, જ્ઞાતિ, જાતિ, સમ્પ્રદાય કે ધર્મનાં બન્ધનો સિવાય વિનામૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ પૂજ્ય ગુરુદેવના આદેશ અનુસાર ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : '**નીલોષા**' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલમોર ફ્લેટ્સ પાછળ,
ગુલબાઈનો ટેકરો, અમદાવાદ-૧૫.

**સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)**

**શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.**

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. સ્વચ્છ ખાલી બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.